**સુવિચાર**

મહત્વનાં બનવું તે સારૂં છે પણ સારા બનવું તે વધુ મહત્વનું છે. માણસના જીવનનું જેવું લક્ષ્ય હશે તેની જીવનશૈલી પણ તેવી જ રહેશે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૫/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૧૭

## મે મહિનાનો પ્રારંભ થયો અને માવઠાનો માહોલ યથાવત

# અમરેલી જિલ્લામાં સામાન્યથી લઈને અઢી ઈંચ કમોસમી વરસાદ

- અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ધારી, બાબરા સહિતનાં પંથકમાં વૈશાખે અષાઢી માહોલ ઉભો થયો
- નદીઓમાં પુર આવ્યા, ગામ અને ખેતરમાં પાણી દોડતા થયાનાં દ્રશ્યો સામે આવ્યા
- જગતાત ગણાતા ખેડૂતોમાં કમોસમી વરસાદને લઈને આગામી વર્ષે દુષ્કાળનો ભય ઉભો થયો
- તલ, મગ, બાજરી, ડુંગળી અને કેસર કેરીને કરોડો રૂપિયાનું નુકસાન થતાં સરકારી મદદ જરૂરી બની



અમરેલી, તા. ૧ અમરેલી જિલ્લામાં છેલ્લા એકાદ મહિનાથી અવાર-નવાર કમોસમી વરસાદનાં કારણે ખેતી પાકોને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે અને છેલ્લા ૩ દિવસથી તો નિયમિત હળવાથી લઈને ભારે વરસાદ પડતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતિત બન્યા છે. અમરેલીમાં રવિવારે થોડી રાહત રહ્યા બાદ આજે બપોરે અચાનક ધસી આવેલ ઘટાટોપ વાદળો વચ્ચે દે ધનાધન વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરનાં સરદાર સર્કલ ઉપર વરસાવીનું પાણીનું તળા ભરાયું હતું અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ**
કેરીયા રોડ, અમરેલી. ફોન : ૨૩૦૦૧૦/૨૦ મો. ૬૩૫૨૯ ૨૯૮૫૫

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

**ધોરણ ૬,૭,૮,૯ માં પ્રવેશકાર્ય શરૂ છે.**

વહેલા તે પહેલાના ધોરણે અને પ્રવેશ પરીક્ષા સાથે

આ છે.. અમારી વિશેષતાઓ....

- ગણિત વિષયને સમૃધ્ધ બનાવવા માટે એડવાન્સ મેથ્સ દ્વારા વધારાનું શિક્ષણ...
- વિજ્ઞાન વિષયમાં રસ, રૂચિ વધે તે માટે લેબોરેટરી વર્ક (પ્રયોગો) સાથેનું શિક્ષણ
- સ્માર્ટ કલાસરૂમ દ્વારા રિવીઝન
- દર ૧૫ દિવસે રીઝનીંગ ટેસ્ટ (બૌધ્ધિક કસોટી)
- ડેઈલી ટેસ્ટ અને વિકલી પ્રોગ્રેસ રીપોર્ટ
- દર મહિને વાલીશ્રી સાથે રૂબરૂ મુલાકાત
- ૧૦૦% સંપૂર્ણ કવોલીફાઈડ અને અનુભવી સ્ટાફ
- હોસ્ટેલ સુવિધા... સ્કૂલ બસ સુવિધા

ધો. ૬ થી ૯ નું શિક્ષણ એ..
ધો. ૧૦ થી ૧૨ના શિક્ષણ માટે ખુબજ ઉપયોગી હોય
તેથીજ અમો ધો. ૬ થી ૯ માં ખુબજ અગત્યનું
શિક્ષણ (ફાઉન્ડેશન) આપીએ છીએ...

સંસ્થાના માર્ગદર્શકો
ગુરૂવર્યશ્રી એચ.એલ.પટેલ સાહેબ
શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબ

શિક્ષકો એજ સંચાલકો
શ્રી મયુરભાઈ ગજેરા
શ્રી નિલેષભાઈ ગજેરા
શ્રી પ્રહલાદભાઈ વામજા




**ઓડિયો હાઉસ (હિંગુ બ્રધર્સ)**
'પારેખ ચેમ્બર', ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી. મો. ૯૦૩૩૩૦૫૨૬૩/૯૫૩૭૯૭૯૧૦૧

### ભાજપનાં આગેવાનો નિવાસ સ્થાને પહોંચ્યા

# અમરેલી જિલ્લા ભાજપનાં વરિષ્ઠ અગ્રણી દિનેશ પોપટનાં જન્મદિનની ઉજવણી

**૭૨ માં વર્ષમાં મંગલ પ્રવેશની શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા ભાજપમાં છેલ્લા ૫૦ વર્ષથી સક્રીય રહીને ભાજપને જમીનથી લઈને આસમાને પહોંચાડવામાં જેનો સિંહફાળો તેવા ભાજપનાં વરિષ્ઠ અગ્રણી દિનેશભાઈ પોપટનો ૭૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં ભાજપ અગ્રણી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષીની આગેવાનીમાં ભાજપનાં આગેવાનોએ તેમનાં નિવાસ સ્થાને પહોંચીને તેઓને શુભેચ્છા પાઠવી હતી.

### પ્રમુખ મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

# અમરેલી જિલ્લા સહકારી સંઘ ખાતે 'મન કી બાત' કાર્યક્રમનું શ્રવણ થયું

**૧૦૦માં એપિસોડનું શ્રવણ કરાયું**



અમરેલી, તા. ૧

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૩૦.૦૪.૨૦૨૩નાં રોજ ગોળ હોસ્પિટલ ના ડો. અર્પણભાઈ જાની, એડવોકેટ નિખીલભાઈ ગઢીયા, એડવોકેટ જીતેન્દ્રભાઈ ખત્રી અને અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ડાયરેકટર જયભાઈ મસરાણીની વિષેશ ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા સહકારી સંઘનાં કર્મચારીઓ, સહકારી અગ્રણીઓ અને યુવાનોએ યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી ની મન કી બાત કાર્યક્રમને ૧૦૦મો એપિસોડ અમરેલી જીલ્લા સહકારી સંઘની ઓફીસ ખાતે ઉપસ્થિત રહી લાઈવ કાર્યક્રમ નિહાળી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

### પિતાની છત્રછાયા ગુમાવનારે બેન્કમાં નોકરી મેળવી

# અમરેલી જિલ્લા બેન્કનાં કર્મચારી જય રામાણીએ પ્રેરણાદાયી કાર્ય કર્યુ

**''સારહિ તપોવન આશ્રમ''નાં નિર્માણમાં યોગદાન કર્યુ**

અમરેલી, તા. ૧

પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કમાં નોકરી કરતા જય દિનેશભાઈ રામાણીએ પોતાના પ્રથમ માનદ વેતનને અમરેલીમાં નિર્માણ પામી રહેલ ''સારહિ તપોવન આશ્રમ''ને અર્પણ કરવાનો નિર્ણય કરીને રામાણી પરિવાર ધ્વારા મળેલ સંસ્કારોને ઉત્તમ જાખી કરાવેલ છે. જય રામાણીએ આ રકમ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી તેમજ સારહિ તપોવનના પ્રણેતા મુકેશભાઈ સંઘાણીની હાજરીમાં ચેક અર્પણ કરવામાં આવેલ. આ તકે ગટુ રામાણી ઉપસ્થિત રહેલ તેમ એક યાદીમાં જણાવાયેલ છે.





# સાવરકુંડલા ખાતે જુના બસ સ્ટેન્ડનું રીનોવેશન



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા ખાતે નગરપાલિકા દ્વારા વર્ષો પહેલા જુના બસસ્ટેન્ડ ખાતે મુસાફરોની સુવિધા માટે બસ સ્ટેન્ડ બનાવવામાં આવેલું હતું. પરંતુ છત્રી આકારનાં આ બસ સ્ટેન્ડની ફરતી પાળીના કારણે મુસાફરોના બદલે રખડતાં ઢોરો અને પાગલોનું આશ્રય સ્થાન બની ગયું હતું. જેને કારણે બસ સ્ટેન્ડની અંદર પારાવાર ગંદકી જમા થઈ ગઈ હોય મુસાફરોને બેસવા માટે બિનઉપયોગી બની ગયું હતું. આ બાબતની જાણ ડી.વાય.એસ.પી. હરેશ વોરાને થતાં તેમણેપાલીકા ચીફ ઓફિસર બોરડનું ધ્યાન દોરી બસ સ્ટેન્ડમાં સુધારા વધારા કરવાની સુચના આપતા આજ સવારથી અંદર વર્ષોથી જમા થઈ ગયેલી ગંદકી સાફ કરાવી મુસાફરો માટે બસ સ્ટેન્ડની રીનોવેશન કામગીરી ચાલુ કરવામાં આવી છે. બસસ્ટેન્ડ ફરતી બિનજરૂરી પાળી દૂર કરી અંદર બેસવા માટે બાકડા મૂકવામાં આવશે. અને પાલીકા દ્વારા નિયમિત સફાઈ કરવામાં આવશે. જેથી વર્ષો બાદ હવે જૂના બસ સ્ટેન્ડનો ઉપયોગ શરૂ થવાનો હોય મુસાફરોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

# અમરેલી જિલ્લાના પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઇ





અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભાનું પ્રથમ સેશન પૂર્ણ થયા બાદ હાજર સૌ પેન્શનર ભાઈઓ/બહેનોએ ભોજન લઈ બીજા સેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

જેમાં સૌ પ્રથમ તાલુકા કક્ષાએથી હાજર તમામ તાલુકા પેન્શનર સમાજના પ્રમુખોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ તેમજ તાલુકાના પ્રશ્નો રજુ કરવા માટે જણાવવામાં આવેલ જે અન્વયે તાલુકા પ્રમુખો દ્વારા રજુ થયેલ તમામ પ્રશ્નો તથા પેન્શનરો દ્વારા રજુ કરવામાં આવેલ તમામ પ્રશ્નો અંગેની સમજણ અમરેલી જિલ્લા પ્રમુખ રાજેશ મહેતા તથા ગુજરાત પેનશનર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ દ્વારા આપવામાં આવેલ તેમજ ભરતભાઇ પટેલ દ્વારા પેન્શનરોને થયેલ અન્યાય અંગેની ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકાર સાથે ચાલતી કાર્યવાહી અંગે પણ વિસ્તૃત સમજણ આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે અમરેલી પેન્શનર સમાજના મંત્રી ઘનશ્યામભાઇ સોરઠીયાએ મીટીંગની કાર્યવાહી પૂર્ણ કરી આભાર વિધિ કરેલ.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### જાફરાબાદ નજીક આવેલ

# ટીંબી ગામે આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર ઓનલાન જુગાર રમતા ઈસમની અટકાયત

અમરેલી, તા. ૧, જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે રહેતા અશરફભાઈ ઉર્ફે આદમભાઈ સતારભાઈ બમાણી નામનો ઈસમ રવિવારે સાંજના સમયે આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર પોતાના આર્થિક ફાયદા સારૂ ઓનલાઈન એપ્લીકેશનમાં સ્કોર જોઈ જાહેરમાં ક્રિકેટનો જુગાર રમાડતો હોય. પોલીસે તેમને રોકડા રૂા. ૧૦૮૭૦ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧૫૮૭૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### બસનાં પાછલા વ્હીલ નીચે સૂઇ જઇને

# રાજુલાનાં એસ.ટી. ડેપોમાં એક મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કરતા દોડધામ મચી

**પોલીસ આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહિલાને પોલીસ સ્ટેશન લઇ ગઇ**

અમરેલી, તા. ૧

આજનાં મોંઘવારી, માંદગી, બેરોજગારી અને કુટુંબ કલશ અને વ્યસનનાં માહોલમાં કરોડો પરિવારો કોઇને કોઇ ચિંતા થી પરેશાન છે અને ઘણા પરિવારો સંઘર્ષ કરીને મુશ્કેલીનો સામનો કરે છે તો અનેક પરિવારનાં મોભી, યુવાનો અને મહિલાઓ મુશ્કેલીઓનો સામનો કરી શકતા ન હોય આત્મહત્યાનો નિંદનીય પ્રયાસ કરે છે તે કડવી વાસ્તવિકતા છે.





રાજુલાના બસ સ્ટેન્ડમાં એક અજાણી મહિલાએ કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરવા માટે બસનાં પાછળના વ્હીલ નીચે સુઇ ગઇ અને જાગૃત નાગરિકો અને પોલીસે તેને ત્યાંથી ખસેડી તો મહિલાએ બીજી બસ નીચે જવાનો પ્રયાસ કરતા ચકચાર મચી હતી. જો કે પોલીસે મહિલાને આશ્વાસન અને હિંમત આપીને પોલીસ સ્ટેશન લઇ જઈને મહિલા કોણ છે. શું કામ આ પ્રકારનું પગલુ ભરવાનો પ્રયાસ કરે છે તેને લઈને તપાસ શરૂ કરી છે.

### 'ચકલી બચાવો' અભિયાન અંતર્ગત

# અમરેલીમાં આજે ચકલી ઘર તથા પાણીનાં કુંડાનું વિનામૂલ્યે વિતરણ

**સંકલ્પ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સુંદર કાર્ય**

અમરેલી, તા. ૧

ચકલી બચાવો, અભિયાન અંતર્ગત સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા પ્રમુખ મયુરભાઈ એમ.ગોહિલ એડવોકેટ અમરેલી તરફથી તા. ૨/૫/૨૦૨૩ ના સાંજનાં કલાક ૫:૦૦ વાગ્યાથી ચિતલ રોડ અંધશાળા સામે ડો.આંબેડકર સમાજવાડી ખાતે ચકલી ઘર તેમજ પાણીનાં કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. તો દરેકે તેનો લાભ લેવા મુકેશભાઈ કે. ગોહિલ નિવૃત પી.એસ.આઈ. અમરેલી વાળાએ અનુરોધ કરેલ છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં ''મન કી બાત''નાં ૧૦૦માં કાર્યક્રમની

# અમરેલી જિલ્લા ભાજપ અને સહકાર પરિવારનાં આયોજનને ભવ્ય સફળતા મળી

**સમગ્ર જિલ્લામાં ૧૯૩૦ જેટલા કાર્યક્રમો યોજાયા**

અમરેલી, તા. ૧

ગત રવિવાર તા.૩૦ એપ્રિલના રોજ દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ''મન કી બાત'' કાર્યક્રમનો ૧૦૦ એપિસોડ હોવાથી પ્રદેશ ભાજપની સુચના અનુસાર અમરેલી જિલ્લા ભાજપ અને સહકાર પરિવાર દ્વારા જબરદસ્ત આયોજન કરવામાં આવ્યુ હતું. આ માટે અનેક બેઠકો યોજાયેલ જેમાં વર્ચુયલ બેઠકમાં રૂપાલા સાહેબ, દીલીપભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા તથા કૌશિકભાઈ વેકરીયાએ માર્ગદર્શન આપ્યું હતું. તેમનાં માર્ગદર્શન અને સમગ્ર જિલ્લાનાં કાર્યકર્તાઓની મહેનતને લીધે જિલ્લા ભાજપ સંગઠન દ્વારા ૬૦૧ જગ્યાએ ''મન કી બાત'' કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉપરાંત અમરેલી જિલ્લા સહકાર પરિવાર દ્વારા મધ્યસ્થ બેઠક તમામ શાખાઓ, સહકારી મંડળીઓ અને દુધની ડેરીઓમાં એક કુલ ૬૮૦ જગ્યાએ આ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતી અને ચેરમેન વિપુલભાઈ દુધાત દ્વારા પ્રદેશ ભાજપની સુચના અનુસાર તમામ શાળાઓમાં એસએમસી કમિટી અને વાલીઓ દ્વારા ૬૪૮ જગ્યાએ આયોજન થયુ હતું. આમ સમગ્ર જિલ્લામાં ૧૯૩૦ જેટલા કાર્યક્રમોનું આયોજન થતા સમગ્ર જિલ્લામાં હજારો લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા અને પ્રધાનમંત્રીને સાંભળ્યા હતા. આમ સમગ્ર ભારતમાં આ કાર્યક્રમના આયોજનમાં ગુજરાત પ્રથમ નંબરે અને રાજયમાં અમરેલી જિલ્લો અગ્રેસર રહયો હતો. તેમ જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયાએ જણાવ્યું છે.

# અમરેલી ખાતે એએચપીનો ''હિન્દુ સારથી'' પ્રશિક્ષણ વર્ગ યોજાયો



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનો હિન્દૂ સારથી પ્રશિક્ષણ વર્ગ અમરેલી ખાતે યોજાઈ ગયો. જેમાં રાષ્ટ્રીય બજરંગ દળ, છાત્ર પરિષદ તેમજ રાષ્ટ્રીય કિસાન પરિષદ, ઈન્ડિયા હેલ્થ લાઈન, હિન્દુ હેલ્પલાઇન પરિષદ તેમજ લીગલ એડવોકેટ ફોરમ અને જિલ્લા મહિલા પરિષદ તેમજ જિલ્લા ઓજસ્વીની બહેનો તેમજ આ સંસ્થાના બધા આયામોના પદાધિકારીઓ અને કાર્યકર્તા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને આ સાથે શહેરમાં અને તાલુકામાં ચાલતા શનિવારના સાપ્તાહિક કેન્દ્રના બધા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ગમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર જિલ્લા કોષાધ્યક્ષ એમ.એમ. પટેલ દ્વારા આ વર્ગમાં જુદા જુદા આયામો વિશે માર્ગદર્શન આપેલું તેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ મજબૂતભાઈ બસીયા, જિલ્લા મંત્રી વિપુલભાઈ ગજેરા તેમજ છાત્ર પરિષદ જીતભાઈ કાબરીયા અને રાષ્ટ્રીય કિસાન પરિષદ જિલ્લા અધ્યક્ષ નિલેશભાઈ ડાયાણી, ઉપાધ્યક્ષ દિલીપભાઈ દેસાઈ તેમજ ઈન્ડિયા હેલ્થલાઈન જિલ્લા અધ્યક્ષ ડોકટર ગોંડલીયા તેમજ જિલ્લા મહિલા અધ્યક્ષ ડીમ્પલબેન પોપટ, જિલ્લા મંત્રી હેતલબેન જોશી તેમજ સરોજબેન કયાડા, ઓજસ્વીની જિલ્લા મંત્રી ગુંજનબેન સોની અને ઘણા બધા બહેનો પણ આ વર્ગમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહેશભાઈ લાડવા, સંજયભાઈ પોપટ, જયેશભાઈ પરમાર, જીગ્નેશભાઈ કયાડા, બાલમુકુંદ વાઢેર, રાજુભાઈ ચોટલીયા તેમજ લીલીયા તાલુકા અધ્યક્ષ રમેશભાઈ ભડકોલીયા, હિતેશભાઈ જોશી તેમજ ગોડિયા પરિવાર, શ્યામસિંઘભાઈ અને એમની ટીમ તેમજ છાત્ર પરિષદના ઘણા બધા યુવાનો અને દરેક કેન્દ્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્રમાં આગામી દિવસોમાં આવતા હિન્દુ તહેવારો અને સાપ્તાહિક હિન્દુ સંસ્કાર કેન્દ્ર તેમજ એક મુટ્ટી અનાજ યોજના અને લવ જેહાદ તેમજ સંગઠન વિશે ચર્ચા કરવામાં આવેલી આ તમામ કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય બજરંગ દળ કાર્યકારી અધ્યક્ષ મજબૂતભાઈ બસીયા તેમજ સિદ્ધાર્થભાઈ ગજેરા દ્વારા કરવામાં આવેલું તેમ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલો છે.

## સામાન્યથી લઈને ભારે વરસાદે ખેડૂતોનું ગણિત ઊંધુ પાડયું

# મે મહિનાનાં પ્રારંભે માવઠાનાં આગમને ચિંતા વધારી

**ખેડૂતો વિચારે છે કે સતત માવઠા થતાં રહે છે તો મગફળીનું વાવેતર શરૂ કરી દેવું કે શું કરવું તેની ચિંતા શરૂ**

**જેઠ મહિનાની ભીમ અગિયારસે વાવણી યોગ્ય કહેવાય વૈશાખી અગિયારસે અનેક સ્થળે વાવણીલાયક વરસાદ પડયો**

**હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ પણ માવઠાની આગાહી કરી રહ્યા છે**

**આગામી દિવસોમાં વાવાઝોડાની પણ શકયતા હવામાન શાસ્ત્રીએ દર્શાવી છે**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં એપ્રિલ મહિનામાં સમયાંતરે હળ વાથી લઈને ભારે વરસાદ પડયા બાદ મે મહિનાનાં પ્રારંભે પણ કમોસમી વરસાદ શરૂ રહેતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે અને હવામાન વિભાગ અને હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે પણ કમોસમી વરસાદની આગાહી કરતાં ચિંતામાં વધારો થયો છે.

સામાન્ય રીતે જેઠ સુદ અગિયારસ એટલે કે ભીમ અગિયારસે વાવણી થતી હોય છે પરંતુ આ તો વૈશાખ સુદ અગિયારસ એટલે કે એક મહિના અગાઉ વરસાદ શરૂ થતાં ખેડૂતો વિચારે છે કે મગફળી સહિત પાકનું વાવેતર શરૂ કરી દેવું કે પછી સમયની રાહ જોવી.

જો કે હવામાન નિષ્ણાંતે વાવાઝોડાની પણ આગાહી કરી હોય ખેડૂતો વાવણી કરે તો પણ નુકસાની આવી શકે. આમ કમોસમી વરસાદે ખેડૂતોની હાલત ચિંતિત બનાવી છે તે નકકી છે.

## રાજકોટ : સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા પદ્મશ્રી હેમંત ચૌહાણને સન્માનિત કરાયા

રાજકોટ, તા. ૧

રાજકોટ ખાતે યોજાઈ ગયેલ પદ્મશ્રી હેમંત ચૌહાણ સન્માન સમારોહ ''હેતેથી હેમંતને વધાવીએ'' પૂ. શ્રી મોરારિબાપુની પ્રેરક હાજરીમાં, કેન્દ્ર મંત્રી પરશોતમભાઈ રૂપાલાનાં મુખ્ય અતિથિ તરીકે અને પદ્મશ્રી ભીખુદાન ગઢવી, પદ્મશ્રી શાહબુદીન રાઠોડ, પદ્મશ્રી પ્રહલાદ ટીપણીયા મધ્યપ્રદેશનાંની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય આયોજન કરાયું. પદ્મશ્રી હેમંત ચૌહાણ લિખિત ગ્રંથ ''હરી નામની હેલી''નું પૂ. બાપુના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. આશરે એકસો જેટલી સંસ્થાઓ ધ્વારા હેમંત ચૌહાણને સન્માનિત કરાયા. સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ પ્રતિનિધિ તરીકે કુંડલા સ્ટેટ, જોગીદાસબાપુ ખુમાણની પરંપરાનાં ખુમાણ પરિવારનાં પ્રતાપભાઈ ખુમાણ કે જેમને ઘણા વર્ષોથી હેમંત ચૌહાણનાં સમગ્ર પરિવાર સાથે ઘરોબો છે. તેમના ધ્વારા કાઠી દરબારની રજવાડી પરંપરાત રીત મુજબ પાઘડી અને તલવાર ભેટ આપી સન્માનિત કરાયા. ત્યારે આ રીતે ફકત કાઠી ક્ષત્રિય સમાજે જ બહુમાન કર્યુ હોવાથી ઓડીટોરિયમમાં હાજર મેદનીએ તાળીઓનાં ગડગડાટથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું.



### પાલિકાનાં કર્મચારીઓની ચીમકી સામે મુખ્ય અધિકારી મકકમ

# ચલાલા પાલિકાના પાણી-પુરવઠા વિભાગનાં કર્મચારીઓએ હડતાલ શરૂ કરી : ચીફ ઓફિસરે વૈકલ્પિક વ્યવસ્થા કરી

**સફાઈ, પાણી વિતરણ સહિતની તમામ કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ**

ચલાલા, તા. ૧

ચલાલા નગરપાલિકાનાં જુદા જુદા વિભાગ કોઈ વાક ગુન્હા વગરનાં ૧૪ કર્મચારીઓને ચિફ ઓફિસરના જો હુકમીથી ફરજ પરથી મુકત કરાયા બાદ અન્ય અનેક કર્મચારીઓ રોષભેર રાજીનામાં આપતા શહેરીજનોને પ્રાથમિક સુવિધા ખોરંભે પડી છે. ત્યારે ચલાલા નગરપાલિકાનાં પાણી પુરવઠાનાં રોજમદાર કર્મચારીઓએ આ ૧૪ ફરજ મુકત કરાયેલા કર્મચારીઓને બે દિવસમાં ન્યાય નહી મળે તો અમો બે દિવસ બાદ હડતાલ પર ઉતરી જવાની ચીમકી આપી હતી. ત્યારે આજે બે દિવસની મુદત પુરી થતા સવારનું પાણી વિતરણ કરી આજે બપોરે ૧૨ કલાકે તમામ પાણી પુરવઠા વિભાગના કર્મચારી હડતાલ પર ઉતરી ગયા છે. અને બપોરનાં ૧૨ કલાકે નગરપાલિકા કચેરી જઈ તમામ ચાવીઓ આપી પોતાનો ચાર્જ છોડી દીધેલ છે. જયારે ચિફ ઓફિસર ચૌહાણને ટેલીફોનીક વાત કરતા જણાવેલ હતું કે ચલાલાનાં લોકો પાણી વગર નહી રહે શહેરનાં લોકોને નિયમીત પાણી મળી જશે. તેમનાં માટે વૈકલ્પીક વ્યવસ્થા થઈ ગઈ છે ચિંતા કરવા જેવું નથી તેવું જણાવેલ છે. વર્ષોથી કામ કરાતા જુદા જુદા વિભાગનાં નગરપાલિકાનાં કર્મચારીઓને ફરજ મુકત કર્યા બાદ તેઓની સાથે સમાધાન વલણ અખ્તાર કરવાનાં બદલે નવા સોર્સ ઉભા કરે છે. ત્યારે નવા માણસો ભર છે. તેનું પગારનું ભારણ નગરપાલિકામાં નહી પડે તેવું લોકોમાં ચર્ચાઈ છે.

### રાજુલા નજીક આવેલ


# ભેરાઈ ગામે પતિએ નાસ્તો બનાવવા ઠપકો આપતા પત્નીએ કર્યુ અગ્નિસ્નાન

**ગત તા. ૨૨ નાં રોજ બન્યો હતો બનાવ**

અમરેલી, તા. ૧

રાજુલા તાલુકાનાં ભેરાઈ ગામે રહેતા ભારતીબેન સામતભાઈ બાંભણીયા નામની ૨૦ વર્ષિય પરિણીતાનાં પતિએ ગત તા. ૨૨ નાં રોજ વ્હેલી સવારે ઉઠીને નાસ્તો બનાવવા અંગે ઠપકો આપેલ. જેથી પત્નીને લાગી આવતા પોતે પોતાની મેળે ઘરે કેરોસીન છાંટી સળગી જતાં તેમનું ભાવનગર ખાતે સારવાર દરમિયાન મોત નિપજયું હતું. લગ્નગાળો ૫ માસનો હોય બનાવ અંગે નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ તપાસ હાથ ધરી છે.

## અમરેલી ખાતે લઘુમતી ભાજપ મોરચા દ્વારા 'મન કી બાત'નું શ્રવણ



અમરેલી, તા. ૧

આ અવસરે અમરેલી જિલ્લા લઘુમતી મોરચાનાં પ્રમુખ રજાકભાઈ કચરા ગુજરાત પ્રદેશ લઘુમતી મોરચાનાં કારોબારી સભ્ય રાજુભાઈ મિલન તેમજ અમરેલી જિલ્લા ઉપપ્રમુખ અઝીમભાઈ લાખાણી તેમજ જિલ્લા મંત્રી નાખવીબાપુ અમરેલી લઘુમતી મોરચાનાં શહેર પ્રમુખ ઈમરાન સલોત તેમજ મહામંત્રી અબરારબાપુ ઉપપ્રમુખ સમીરભાઈ બિલખયા તેમજ યાસીનભાઈ રાંધનપરા તેમજ મુસ્તાકભાઈ અગવાન, રાજા ગોરી, એજાજ રાંધનપરા, ઈમરાન કચરા, આસિફભાઈ કચરા, સાજીદભાઈ કચરા, અમીનભાઈ મહિડા, મોઈનભાઈ ટાંક, રફીકભાઈ કસમાણી, મહામંદભાઈ ખોરાણી, હાજીભાઈ ડેરૈયા નિઝામબાપુ કાદરી, ઈબ્રાહીમભાઈ કચરા, તેમજ ભારતીય જનતા પાટીનાં કાર્યકર્તાઓ બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અજીમ લાખાણીની યાદીમાં જણાવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# છાપરી ગામે ફળીયાનાં ફરજામાં બાંધેલ પશુઓની અજાણ્યા ઈસમ દ્વારા ચોરી

અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકાનાં છાપરી ગામે રહેતા અને ખેતમજૂરી કરતાં અરવિંદભાઈ રાઘવભાઈ વાઘેલાનાં મકાનનાં ફળીયામાં પશુ બાંધવા માટે ફરજો બનાવેલ હોય. ત્યારે તા. ૩૦/૪નાં રોજ રાત્રીનાં સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ફળીયામાં પ્રવેશ કરી રાજસ્થાની બકરો-૧ તથા બકરી-૧ મળી ૨ પશુ કિંમત રૂા. ૩૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કમોસમી વરસાદે જનતાની હાલત બગાડી

# ચલાલામાં ભારે વરસાદથી કેરીને વ્યાપક નુકસાન : શહેરમાં રોગચાળાનો ખતરો

**કેરીનાં ભાવમાં કડાકો બોલતા ખેડૂતો ચિંતિત**

ચલાલા, તા.૧

ચલાલામાં આજે સવારનાં કલોક વાતાવરણમાં ભારે બદલાવ આવ્યો હતો. ધોમધકતા તાપમાંથી એકાએક હવામાન બદલાયું હતું. ઘટાટોપ વાદળા અને પવનનાં સુસાવાટા વચ્ચે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. સવારના ૧૧ કલાકે ભારે વરસાદ પડવાનું ચાલુ થતાં સાંજનાં પાંચ બન્યા સુધી હળવોથી ભારે વરસાદ પડી જતા બજારમાંથી પાણી વહેતા થયા હતા. ત્યારે વરસાદ થવાથી શહેરની ભુર્ગભ ગટર ઓવરફલો થતા બજારોમાં દુર્ગંદ યુકત ગંદા પાણી વહેતા થતા નગરપાલકાએ અરજદારોની લાઈન લાગી હતી. પરંતુ મોટાભાગનાં કર્મચારી ફરજ મુકત હોય અને નગરપાલિકા તંત્રએ આજદીન સુધી કોઈ જ વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવેલના હોય અરજદારોને ધરમનાં ધક્કા સાથે રોષભેર પરત ફર્યો હતા. સાંજનાં પાંચ વાગ્યા પછી ફરી ભારે તડકી નીકળી હતી. નગરપાલિકા તંત્રની બેદરકારથી શહેરનાં લોકો ભારે મુશ્કેલી વેઠી રહયા છે. ત્યારે શહેરીજનોમાં ચિફ ઓફિસર અને વહીવટદાર સામે ભારે રોષ જોવા મળે છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### અમદાવાદ ક્રાઈમબ્રાંચે એફઆઈઆર નોંધી

# AAP ના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી વિરુદ્ધ નોંધાઈ FIR

## ઈસુદાને મન કી બાતના એક કાર્યક્રમમાં ૮ કરોડ ૩ લાખ ખર્ચ થતો હોવાનું ટ્વિટ કર્યુ હતું, નાગરિકે ફરિયાદ નોંધાવી

અમદાવાદ, તા.૧

આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. સુરતમાં કોર્પોરેટરોએ કેસરિયો ધારણ કર્યા બાદ હવે આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી સામે એફઆઈઆર નોંધાઈ છે. એક નાગરિકની ફરિયાદના આધાર પર અમદાવાદ ક્રાઈમબ્રાંચે એફઆઈઆર નોંધી છે. મન કી બાત કાર્યક્રમના ખર્ચ મુદ્દે નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો ફરિયાદમાં આરોપ છે. ઈસુદાને મન કી બાતના એક કાર્યક્રમમાં ૮ કરોડ ૩ લાખ ખર્ચ થતો હોવાનું ટ્વિટ કર્યુ હતું. ઈસુદાન વિરુદ્ધ ખોટી માહિતી પોસ્ટ કરી નાગરિકોને ઉશ્કેરવાનો આરોપ છે. બે દિવસ અગાઉ કરેલું ટ્વિટ ગઈકાલે ઈસુદાન ગઢવીના ટ્વિટર હેન્ડલ પરથી હટાવાયું છે. હજુ ખેડૂતો પરથી નથી ટળ્યું માવઠાનું સંકટ. આગામી ચાર દિવસ જ નહીં પછી પણ કમોસમી વરસાદ પડશે. આ આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગના અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે આગામી પાંચ દિવસ પડશે કમોસમી વરસાદ. એટલું જ નહીં આજથી ફરી નવું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે અને કમોસમી વરસાદ પડવાનું યથાવત રહેશે.

### કર્ણાટકમાં આગામી વિધાનસભા ચૂંટણી યોજાનાર છે

# ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો

## પાર્ટી અધ્યક્ષ નડ્ડાએ રાજધાની બેંગ્લુરુમાં તેને બહાર પાડ્યું રાજ્યના લોકોને ૩ ગેસ સિલિન્ડર ફ્રી આપવાની જાહેરાત

બેંગલુરુ, તા.૧

કર્ણાટકમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ સોમવારે ચૂંટણી ઢંઢેરો બહાર પાડી દીધો છે. પાર્ટીએ તેને 'વિઝન ડોક્યુમેન્ટ' નામ આપ્યું છે. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ રાજધાની બેંગ્લુરુમાં તેને બહાર પાડ્યું. ભાજપે રાજ્યના લોકોને ૩ ગેસ સિલિન્ડર ફ્રી આપવાની જાહેરાત કરી છે. આ ભેટ ગણેશ ચતુર્થી, યુગાડી અને દીવાળીના અવસરે બીપીએલ પરિવારોને આપવામાં આવશે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે કર્ણાટકનું ઘોષણાપત્ર એસી રૂમમાં બેસીને બનાવવામાં આવ્યું નથી. પરંતુ એક યોગ્ય કવાયત કરવામાં આવી છે. રાજ્યના દરેક ખૂણાની મુલાકાત કરનારા અમારા કાર્યકરો દ્વારા મોટી સંખ્યામાં કડક મહેનત અને દ્રઢતા કરાઈ હતી. તેને પહેલા બનાવવામાં આવ્યું હતું. તેમણેક હ્યું કે બેંગ્લુરુને રાજ્ય રાજધાની ક્ષેત્ર તરીકે નોમિનેટ કરીને વિક્સિત કરીશું અને એક વ્યાપક ટેક્નોલોજી આધારિત શહેર વિકાસ કાર્યક્રમને અમલીકરણ કરીશું. ભાજપના દરેક વોર્ડમાં એક અટલ આહાર કેન્દ્ર સ્થાપિત કરીને તથા પોષણ સ્કીમ હેઠળ દરેક બીપીએલ કાર્ડધારક પરિવારને અડધો લીટર નંદીની દૂધ આપવાનું વચન આપ્યું છે. પાર્ટીએ ગરીબ લોકોને રાજ્યમાં ૧૦ લાખ ઘર આપવાની જાહેરાત કરી છે. જ્યારે સામાજિક ન્યાય નિધિ સ્કીમ હેઠળ એસસી-એસટી મહિલાઓને પાંચ વર્ષ માટે ૧૦હજાર રૂપિયાની એફડી કરવાનું વચન આપ્યું છે. આ સાથે જ ભાજપે વચન આપ્યું છે કે તે કર્ણાટક એપાર્ટમેન્ટ સ્વામિત્વ અધિનિયમ ૧૯૭૨માં સુધાર કરશે. આ માટે કર્ણાટક રેસિડેન્સ વેલફેર કન્સલ્ટેટિવ કમિટીની રચના કરવામાં આવશે. જો કે બેંગ્લુરુમાં અપાર્ટમેન્ટમાં રહેતા લોકોના લિવિંગ સ્ટાન્ડર્ડમાં સુધાર કરશે.

ભાજપના મોટા વચનો

- સમાન નાગરિક સંહિતા લાગૂ કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવામાં આવશે.
- બેઘરો માટે દસ લાખ મકાન તૈયાર કરવામાં આવશે.
- એસસી એસટીની મહિલાઓ માટે પાંચ વર્ષની ૧૦હજાર રૂપિયાની એફડી
- સરકારી શાળાઓને વિશ્વ સ્તરીય માપદંડો મુજબ અપગ્રેડ
- બીપીએલ પરિવારને દર વર્ષે ત્રણ ફ્રી ગેસ સિલિન્ડર, ઉગાડી, ગણેશ ચતુર્થી અને દીવાળીના અવસરે અપાશે.
- નગર નિગમના પ્રત્યેક વોર્ડમાં સસ્તુ, ગુણવત્તાવાળું અને સ્વસ્થ ભોજન આપવા માટે અટલ આચાર કેન્દ્ર
- પોષણ યોજના હેઠળ બીપીએલ પરિવારને દરરોજ અડધો કિલો નંદિની દૂધ અને દર મહિને પાંચ કિલો શ્રી અન્ન શ્રી ધન્ય રાશન કિટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો આદેશ પલટી નાખ્યો

# સરકારી નોકરીઓમાં ૫૮% અનામત પર લાગેલી રોક હટાવી

## સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થામાં ૫૮ ટકા અનામત લાગૂ કરવાના મામલે આ રાહત મળી છે

નવી દિલ્હી, તા.૧

છત્તીસગઢ સરકારને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થામાં ૫૮ ટકા અનામત લાગૂ કરવાના મામલે આ રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે આ અનામત પર લાગેલી રોક હટાવી દીધી છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે એવું માનવામાં આવી રહ્યું છે કે પ્રદેશમાં ભરતી ૫૮ ટકા અનામતના આધારે થઈ શકશે.

વાત જાણે એમ છે કે આ અગાઉ છત્તીસગઢ હાઈકોર્ટે અનાતનો દાયરો વધારીને ૫૮ ટકા કરવાના ભૂપેશ બઘેલ સરકારના નિર્ણયને ગેરબંધારણીય ગણાવીને તેના પર રોક લગાવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ આદેશને પલટી નાખ્યો છે. આવામાં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે ભરતીમાં આવતી મુશ્કેલીઓ દૂર થશે.

અત્રે જણાવવાનું કે છત્તીસગઢ સરકારે વર્ષ ૨૦૧૨માં અનામતનો દાયરો વધારતા અનુસૂચિત જનજાતિને ૩૨ ટકા, ૧૨ ટકા અનુસૂચિત જાતિ અને ૧૪ ટકા અન્ય પછાત જાતિઓને અનામત આપવાની જોગવાઈ કરી હતી. જો કે છત્તીસગઢ હાઈકોર્ટે ૧૯ ફેબ્રુઆરીના રોજ પોતાના આદેશમાં રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં ૫૮ ટકા અનામતને ગેરબંધારણીય ગણાવી હતી.

૨૦૧૨માં છત્તીસગઢ સરકારે અનુસૂચિત જનજાતિની અનામતને ૨૦ ટકાથી વધારીને ૩૨ ટકા કરી હતી. આવામાં કુલ અનામત ૫૦ ટકાથી વધીને ૫૮ ટકા થઈ હતી.

છત્તીસગઢ સરકારે આદિવાસીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અને સેવા ભરતીમાં અનામતના કાયદામાં સંશોધન દ્વારા વધારો કર્યો હતો. જો કે હાઈકોર્ટે આ નિર્ણય રદ કર્યો હતો. આ નિર્ણય વિરુદ્ધ ભૂપેશ બઘેલ સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. સરકાર ઉપરાંત અનેક આદિવાસી સંગઠનોએ પણ અરજી દાખલ કરી હતી.

### મુખ્યમંત્રીના પુત્રને સ્ટ્રોક આવતા હોસ્પિટલમાં દાખલ

# ભૂપેન્દ્ર પટેલના પુત્રને વધુ સારવાર માટે એર એમ્બ્યુલન્સથી મુંબઈ લઈ જવાયો

અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને સ્ટ્રોક આવતા તેમને ગઈકાલે અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા,

આજે વધુ સારવાર માટે તેમને એર એમ્બ્યુલન્સથી મુંબઈ લઈ જવાયા છે. અનુજ પટેલને મુંબઈની હિંદુજા હોસ્પિટલમાં વધુ સારવાર અપાશે. ગઈકાલે હિંદુજા હોસ્પિટલના ડો. મિશ્રાએ અનુજની તબીબી તપાસ કરી હતી.

આજે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને પરિમલ નથવાણી અનુજની તબિયત જાણવા પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમના પુત્ર અનુજની તબિયત નાદુરસ્ત થવાના કારણે આજે જામનગર ખાતે [redacted] દિવસ [redacted] કાર્યક્રમોમાં [redacted] નહી. ગુજરાત [redacted] આ [redacted] આચાર્ય [redacted] આરોગ્ય મંત્રી [redacted] થશે.

### છેલ્લા ત્રણ મહિનામાં મોદીની સુરક્ષામાં ત્રીજો કિસ્સો

# રોડ શોમાં ફૂલ સાથે ભૂલથી મોબાઈલ ફેંકાઈ ગયો

## પોલીસે તપાસ કરી છે કે મોબાઈલ જાણીજોઈને ફેંકવામાં આવ્યો છે કે ફૂલ ફેંકવા દરમિયાન આ ઘટના બની છે

મૈસૂર, તા.૧

કર્ણાટક પ્રવાસના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈસૂરમાં રોડ શો કર્યો હતો. આ દરમિયાન તેમની સુરક્ષામાં ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. રોડ શો દરમિયાન પીએમ મોદીના વાહનની આગળ મોબાઈલ ફોન ફેંકવામાં આવ્યો હતો. જો કે, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસે પુષ્ટિ કરી છે કે મોબાઈલ અકસ્માતે ફૂલની સાથે પડ્યો હતો. છેલ્લા ત્રણ મહિનામાં પીએમ મોદીની સુરક્ષામાં ખામીનો આ ત્રીજો કિસ્સો છે. મૈસુરમાં પીએમ મોદીના રોડ શોમાં મોબાઈલ ફોન ફેંકવાની ઘટનાએ ખળભળાટ મચાવી દીધો હતો. જોકે, એસપીજી જવાનોએ તરત જ પીએમ મોદીની કારમાંથી તે મોબાઈલ કાઢી લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આકસ્મિક રીતે એક બીજેપી સમર્થકના હાથમાંથી ફોન છટકી ગયો હતો અને પીએમ મોદીના કાફલાના વાહનની સામે આવ્યો હતો. પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે. સાંજે પીએમ મોદીએ મૈસુરમાં લગભગ ૫ કિલોમીટરનો રોડ શો કર્યો હતો. ૪૫ મિનિટના આ રોડ શો દરમિયાન પીએમના સ્વાગત માટે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. રોડ શોમાં પીએમ મોદી ૨ મિનિટ સુધી રોડ પર ચાલ્યા હતા. કર્ણાટકમાં ત્રણ મહિનામાં ત્રીજી વખત પીએમ મોદીની સુરક્ષામાં ક્ષતિ જોવા મળી છે.

આ પહેલા ૨૫ માર્ચે દાવણગેરેમાં ચૂંટણી કાર્યક્રમ દરમિયાન એક વ્યક્તિ પીએમ મોદી તરફ દોડ્યો હતો. દાવણગેરેમાં પીએમ મોદીનો રોડ શો થઈ રહ્યો હતો. બંને તરફ ભીડ હતી. દરમિયાન એક વ્યક્તિ ભાગીને પીએમ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં સુરક્ષા દળોએ તેને ઝડપી લીધો હતો. આ પહેલા જાન્યુઆરી મહિનામાં કર્ણાટકના હુબલીમાં પીએમ મોદીના રોડ શો દરમિયાન એક બાળક પીએમ મોદીની નજીક આવ્યો હતો. બાળક છઠ્ઠા ધોરણમાં ભણતો હતો અને પીએમ મોદીને હાર પહેરાવવા માગતો હતો. એસપીજી જવાનોએ તરત જ બાળકના હાથમાંથી માળા લઈને પરત કરી દીધી હતી.

### અરજદારે કહ્યું; આ અખંડ દેશ શું ખંડિત કરવો છે ?

# રાહુલ ગાંધી પછી બદનક્ષી કેસમાં તેજસ્વી યાદવની મુશ્કેલીઓ વધી

## મેટ્રો કોર્ટે વધુ સુનાવણી ૮ મેના રોજ મુલતવી રાખી છે

અમદાવાદ, તા.૧

બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ વિરૂદ્ધ મેટ્રો કોર્ટમાં બદનક્ષીની થયેલી ફરિયાદ મામલે આજે સુનાવણી હાથ ધરવામાં આવી છે. ગુજરાત અને ગુજરાતીઓને ઠગ કહેવા બદલ નોંધાયેલી ફરિયાદ મામલે મેટ્રોપોલિટન કોર્ટમાં ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ વિરૂદ્ધ સુનાવણી થઈ, પરંતુ મેટ્રો કોર્ટે વધુ સુનાવણી ૮ મેના રોજ મુલતવી રાખી છે.

અરજદાર હરેશ મહેતાની કોર્ટમાં રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે, ૨૫ માર્ચે યુટ્યુબ પર મેં સમાચાર જોયા હતા. ૨૨ માર્ચના રોજ આ સમાચાર ખાનગી ચેનલ પર પ્રસિદ્ધ થયા હતા. જેમાં તેજસ્વી યાદવ, બિહારના ડેપ્યુટી સીએમ કે જેમણે પોતાની પ્રેસ કોંફરન્સમાં કહ્યું હતું કે, 'આજ કે દેશ કે હાલત મેં અગર દેખા જાયે તો સિર્ફ ગુજરાતી હી ઠગ હો સકતે હૈ. આ સમાચાર જોતા મારું હૃદયદ્રવી ઉઠ્યું અને મનોમંથન કરતા મને વિચાર આવ્યો કે આ ઠગ શબ્દ આપણી ગુજરાતી પરિભાષામાં લુચ્ચો, ગુનેગાર, ક્રાઈમ રિલેટેડની વ્યાખ્યામાં આવે છે. ઠગ શબ્દનો ઉપયોગ માન્ય તેજસ્વી યાદવ, બિહારના ડેપ્યુટી સીએમે કર્યો, જે સમગ્ર ગુજરાતના ગુજરાતીઓ માટે વાપર્યો હતો.

અરજદારે વધુમાં જણાવ્યું હતું કે, આ સમાચારથી મને માનસિક અને શારીરિક ત્રાસ થયો અને ગુજરાતી તરીકે મારી બદનક્ષી થઈ છે. સમગ્ર ગુજરાતી લોકો શું ઠગ છે? તેમજ અગાઉ ગાંધીજી, સરદાર પટેલ, નરસિંગ મહેતા આ તમામ શુ ઠગ હતા? આ ઠગનું લેબલ ગુજરાતી સમાજને આપવાથી મારી સમજ મુજબ તમામ ગુજરાતીઓ, ગુજરાતની બહાર જતા નીચું મોઢું કરીને જશે? આપણા ગુજરાતીઓ જે દેશ વિદેશમાં રહે છે, તેઓને શુ આ ઠગના બિરુદ સાથે માનહાની સાથે જીવવાનું? આવી વાણી વિલાસ જો કરવામાં આવે તો અખંડ ભારતના રાજ્યોમાં ટુકડા થાય અને આ અખંડ દેશ શુ ખંડિત કરવો છે. કોઈપણ નાગરિકે પોતાની માન મર્યાદા અને સ્વાભિમાન જાળવવું જોઈએ જેથી કોઈની લાગણી ના દુભાઈ.

તેમણે કોર્ટમાં જણાવ્યું હતું કે, ડેપ્યુટી સીએમ બિહારના હોઈ પોતાની પ્રતિષ્ઠાને ના શોભે તેવું વાણી વર્તન કરી સમગ્ર ગુજરાતની પ્રજાનું દિલ દુભાવ્યું છે. મારી જેમ જ અનેક ગુજરાતીઓનું હૃદયદ્રવ્યું અને બદનામીની લાગણી અનુભવી હશે. નામદાર કોર્ટને અરજ છે કે આવા શબ્દો પર ધ્યાન આપે. વધુમાં આ ફરિયાદ સાથે કોર્ટમાં ન્યૂઝની પેન ડ્રાઈવ તથા સીડી જરૂરી સર્ટિફિકેટ સાથે રજૂ કરેલ છે. અરજદારના વકીલ તરફથી સુપ્રીમ કોર્ટની તાજેતરની ટિપ્પણી ટાંકવામાં આવી કે, ભડકાઉ ભાષણ કે ટિપ્પણી થાય તો કોઈ ફરિયાદની રાહ જોયા વગર સરકાર ફરિયાદી બને.

### સુપ્રિમની પરસ્પર સંમતિથી છૂટાછેડા અંગે માર્ગદર્શિકા

# સબંધો શક્ય ન હોય તો સુપ્રીમ કોર્ટને લગ્ન રદ કરવાનો અધિકાર

## પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે લાગુ પડતા ૬ મહિના સુધી રાહ જોવાની કાનૂની જવાબદારી પણ જરૂરી નથી

નવી દિલ્હી, તા.૧

સુપ્રિમ કોર્ટે પરસ્પર સંમતિથી છૂટાછેડા અંગે મોટો ચુકાદો આપતી એક માર્ગદર્શિકા બહાર પાડી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું કે, જો સંબંધોને જોડવાનું શક્ય ન હોય તો કોર્ટ સંપૂર્ણ ન્યાય માટે કલમ ૧૪૨ હેઠળ આપવામાં આવેલા અધિકારો દ્વારા હસ્તક્ષેપ કરી શકે છે. એટલું જ નહીં સુપ્રિમ કોર્ટે કહ્યું કે, પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે લાગુ પડતા ૬ મહિના સુધી રાહ જોવાની કાનૂની જવાબદારી પણ જરૂરી નથી. સુપ્રીમ કોર્ટની બંધારણીય ખંડપીઠે આ મામલે સુનાવણી કરી હતી કે શું સર્વોચ્ચ અદાલતને લગ્નને સીધું રદ કરવાનો અધિકાર છે કે નીચલી અદાલતના નિર્ણય પછી જ તેણે અપીલની સુનાવણી કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટ કલમ ૧૪૨ હેઠળ અપવાદરૂપે તૂટી ગયેલા લગ્નોને રદ કરવા માટે સત્તામાં વધારો કરી રહી છે. જો કે, સપ્ટેમ્બર ૨૦૨૨ માં, સુપ્રીમ કોર્ટે બંને ભાગીદારોની સંમતિ વિના અલગ રહેતા યુગલો વચ્ચેના લગ્નને રદ કરી શકે છે કે કેમ તે અંગે વિચારણા કરવા માટે સંમત થયા હતા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ બેન્ચે આ મામલે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

### મોદીની ગાળો સબંધિત ટિપ્પણી પર પ્રિયંકાનો પ્રહાર

# મારો ભાઈ રાહુલ દેશ માટે ગોળી ખાવા પણ તૈયાર : પ્રિયંકા ગાંધી

## પહેલીવાર એવા કોઈ વડાપ્રધાન જોયા જેની પાસે પ્રજાની સમસ્યાઓની યાદી નથી પણ ગાળોની યાદી છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડરાએ વડાપ્રધાન મોદીની ગાળો સંબંધિત ટિપ્પણી પર કહ્યું કે જાહેર જીવનમાં આ પ્રકારની વાતોને સહન કરવાનું સાહસ બતાવવું જોઈએ. પ્રિયંકાએ વડાપ્રધાનને રાહુલ ગાંધીથી બોધપાઠ લેવા કહ્યું હતું. તેમણે કહ્યું કે મારો ભાઈ રાહુલ ગાંધી દેશ માટે તો ગોળીઓ ખાવાય તૈયાર છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેના ઝેરીલા સાંપવાળી ટિપ્પણી અંગે કોંગ્રેસ સામે નિશાન તાકત મોદીએ શનિવારે કહ્યું હતુ કે અત્યાર સુધી પાર્ટી અને તેના નેતાઓએ મને ૯૧ વખત વિવિધ પ્રકારની ગાળો આપી છે.

બાગલકોટ જિલ્લામાં એક સભાને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે કમ સે કમ તે એક વસ્તુમાં ફીટ તો બેસી રહ્યા છે પણ જો તમે તેમના દ્વારા મારા પરિવારને આપવામાં આવેલી ગાળોને જોશો અને યાદી બનાવવાની શરૂઆત કરશો તો આપણે એક પછી એક પુસ્તકો છપાતા જોઈશું.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે છેલ્લી બે-ત્રણ દિવસથી જોઈ રહી છું કે તે વિચિત્ર છે. હું અનેક વડાપ્રધાનને જોઈ ચૂકી છું. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી કે જેમણે દેશ માટે ગોળીઓ ખાઈ. જેમણે દેશ માટે બલિદાન આપી દીધું. મેં પી.વી.નરસિંહ રાવ અને મનમોહન સિંહને પણ દેશ માટે આકરી મહેનત કરતા જોયા છે. જોકે પહેલીવાર એવા કોઈ વડાપ્રધાન જોઈ રહી છું કે જે લોકો સામે કહે છે કે મને ગાળો આપી રહ્યા છે. પીએમ પાસે પ્રજાની સમસ્યાઓની યાદી નથી પણ ગાળોની યાદી છે. પ્રિયંકાએ કહ્યું કે હિમ્મત રાખો મોદીજી. મારા ભાઈ રાહુલ ગાંધીથી શીખો. મારો ભાઈ કહે છે કે તે દેશ માટે ગાળો જ નહીં પણ ગોળીએ ખાવા તૈયાર છે. મારો ભાઈ કહે છે કે તે સત્ય માટે ઊભો રહેશે ભલે ગાળો આપો, ગોળી મારો કે ચપ્પું મારો.

### રિફંડ માટે કંપની હાઈકોર્ટમાં ગઈ

# OTP વિના બેંક ખાતામાંથી કરોડો રુપિયા ઉપડી ગયા

## રજીસ્ટર કરવામાં આવેલા મોબાઈલ નંબર કે ઈમેલ આઈડીને ટ્રાન્ઝેક્શનને પ્રમાણિત કરતા કોઈ પણ જાતના ઓટીપી મળ્યા નહોતા

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, વોડાફોન આઈડિયા લિમિટેડ અને વિવિધ બેંકોને તેમના ખાતાઓમાંથી છેતરપિંડી દ્વારા ઉપાડી લેવામાં આવેલી રકમ પરત કરવાના નિર્દેશો માગ્યા બાદ એક નોટિસ ફટકારી છે. બેંક ખાતામાંથી જ્યારે આ રકમ ઉપાડી લેવામાં આવી ત્યારે ગ્રાહકોને વન ટાઈમ પાસવર્ડ એટલે કે OTP પણ મળ્યો નહોતો. હાઈકોર્ટનો દરવાજો ખખડાવનારી કંપનીમાંની એક નીવા એક્સપોર્ટ્સ છે, જેણે ૩ જુલાઈ ૨૦૨૨ના રોજ બે કલાકમાં કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડમાં પોતાના ખાતામાંથી ૨૮ અનધિકૃત ઈન્ટરનેટ બેંકિંગ ટ્રાન્ઝેકશનમાં ૨૯ કરોડ રુપિયા ગુમાવ્યા હતા.

રજીસ્ટર કરવામાં આવેલા મોબાઈલ નંબર કે ઈમેલ આઈડીને ટ્રાન્ઝેકશનને પ્રમાણિત કરતા કોઈ પણ જાતના ઓટીપી મળ્યા નહોતા. જો કે, આ મામલાનું ધ્યાન સાઈબર ક્રાઈમ અધિકારીઓને દોરવામાં આવ્યું હતું. જે બાદ કેટલાંક ખાતાઓ કે જેમાંથી રુપિયા ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા હતા તેને ફ્રીઝ કરીને કુલ રુપિયા ૩૨ લાખની રકમ પરત મેળવવામાં આવી હતી. આ કંપનીએ બેંકમાંથી રિફંડ મેળવવા માટે બેંકિંગ લોકપાલનો સંપર્ક કર્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બેંકની બેદરકારીના કારણે રુપિયા ગુમ થયા હતા, પરંતુ ડિસેમ્બરમાં બેકિંગ લોકપાલે કહ્યું હતું કે, તેમને બેંક તરફથી સેવામાં કોઈ ઉણપ જોવા મળી નથી. જે બાદ કંપની હાઈકોર્ટમાં ગઈ હતી અને બેંકને રુપિયા ૧.૯૬ કરોડથી પણ વધુની રકમ પરત આપવા માટે દિશા નિર્દેશ માગ્યા હતા.

કંપનીના વકીલ નરેન્દ્ર જાની અને શિવાની લાડે ડિસેમ્બર, ૨૦૧૭માં ગ્રાહકોની સુરક્ષા માટે જારી કરવામાં આવેલાં એક આરબીઆઈના પરિપત્રનો હવાલો આપ્યો હતો અને કોઈપણ અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોના કિસ્સાઓમાં તેમની જવાબદારીઓને સીમિત કરી હતી.

તેઓએ રજૂઆત કરી કે, બેંક રકમ પરત કરવા માટે બંધાયેલી છે અને પૂછ્યું છે કે, રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી પહોંચાડ્યા વિના બેંકે ટ્રાન્ઝેકશનની પ્રક્રિયા કેમ કરી. અરજીકર્તા કંપનીએ ટેલીકોમ કંપનીને પણ આ મામલે ખેંચી હતી અને કહ્યું કે, વોડાફોન અને તેના અધિકારીઓ ટેલીકોમ સેવાઓના સુરક્ષિત ઉપયોગ માટે જવાબદાર છે. તેઓ પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેમની સક્રિય સંડોવણી અથવા બેદરકારી વિના અનધિકૃત વ્યવહારો શક્ય નથી. સિમકાર્ડને ગેરકાયદેસર અવરોધિત કર્યા વિના અથવા જરુરી પ્રક્રિયાનું પાલન કર્યા વગર એક જેવા ડુપ્લીકેટ સિમ જારી કર્યા વગર આ શક્ય નથી.

અરજીકર્તાએ એવો પણ આરોપ લગાવ્યો કે, કાં તો ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર અધિકારીઓની મિલીભગ છે અથવા તેમની સિસ્ટમ નબળી છે કે કોઈ પણ તેમાં હસ્તક્ષેપ કરી શકે છે.

આ મામલે દલીલી સાંભળ્યા બાદ ન્યાયાધીશ સંગીતા વિશેને ૩ મે સુધીમાં જવાબદારોનો જવાબ માગ્યો છે. વકીલ જૈને રજૂઆત કરી હતી કે, હાઈકોર્ટમાં આવા ચાર કેસ નોંધાયા છે, જમાં ટેલિકોમ સેવા આપતી કંપની એક જ છે અને ઓટીપી વગર જ બેંકમાંથી રુપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા. આ ચાર કેસોમાં કંદોઈ ભોગીલાલ મૂળચંદ નામની મીઠાઈની દુકાનનો પણ સમાવેશ થાય છે, જેમણે છેતરપિંડી દ્વારા કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનમાં રુપિયા ૭૫ લાખ ગુમાવ્યા હતા. આવી જ રીતે કૈલાશ દર્શન હાઉસિંગ ડેવલપમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ પણ ભોગ બની હતી.

### જામીન અરજી મંજૂર છતાં આસારામને જેલમાં રહેવુ પડશે

# હાઈકોર્ટે આસારામની જામીન અરજી મંજૂર કરી

## આસારામને જે કેસમાં જામીન મળ્યા છે તે કેસ યૌન ઉત્પીડનનો નહીં પરંતુ આસારામ સાથે જોડાયેલો અન્ય કેસ છે

જોધપુર, તા.૧

પોતાના જ ગુરુકુળની એક વિદ્યાર્થિની સાથે યૌન ઉત્પીડનના આરોપમાં આસારામ જેલમાં બંધ છે. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તેમને કારાવાસની સજા ફટકરાવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં જામીન માટે અત્યાર સુધી કરેલા તમામ નિષ્ફળ પ્રયાસો બાદ હાઈકોર્ટે આસારામની જામીન અરજી મંજૂર કરી દીધી છે. યૌન ઉત્પીડનના આરોપમાં આસારામની ૨૦૧૩માં ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૩થી આસારામે સ્થાનિક અદાલતથી લઈને સુપ્રીમકોર્ટ સુધી જામીન અરજી કરી, પરંતુ રાહત મળી ન હતી. ત્યારે હવે આસારામની જામીન અરજી હાઈકોર્ટના જસ્ટિસ કુલદીપ માથુરની કોર્ટે સ્વીકાર કરી લીધી છે. જો કે, આસારામને જે કેસમાં જામીન મળ્યા છે તે કેસ યૌન ઉત્પીડનનો નહીં પરંતુ આસારામ સાથે જોડાયેલો અન્ય કેસ છે.

જામીન મેળવવા અને જેલની બહાર આવવા માટે આસારામે ૧૦ વર્ષમાં અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ આસારામને સફળતા મળી ન હતી. આસારામની આશા પર દરેક વખત કોર્ટના આદેશ પાણી ફેરવી દેતા હતા. ત્યારે જામીનની માથાકૂટની વચ્ચે સુપ્રીમ કોર્ટમાં રવી રોય નામના વ્યક્તિએ આસારામ વતી જામીન અરજી કરી હતી. જેમાં આસારામની તબિયત ખરાબ હોવાનું જણાવવામાં આવ્યુ હતુ. જ્યારે પુરાવાના રૂપમાં જોધપુર સેંટ્રલ જેલની ડિસ્પેંસરીનું પ્રમાણપત્ર મુકવામાં આવ્યુ હતુ. આ પ્રમાણપત્રમાં જણાવવામાં આવ્યુ હતુ કે, આસારામ અસાધ્ય બિમારીથી પીડાઈ રહ્યો છે અને તેની સારવાર જરૂરી છે. સુપ્રીમકોર્ટમાં સુનાવણી દરમિયાન એ વાત સામે આવી હતી કે, રવિ રોયે જે પ્રમાણ પત્ર કોર્ટમાં પુરુવા તરીકે રજૂ કર્યુ હતુ તે નકલી હતુ. સમગ્ર પ્રકરણને સુપ્રીમકોર્ટે ખૂબ ગંભીરતાથી લીધુ હતુ અને કોર્ટેને ગુમરાહ કરવાના અને ખોટા પુરાવા રજૂ કરવાના મામલે આસારામ સામે ફરિયાદ નોંધવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ કેસ મામલે આસારાને જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જોધપુર કમિશ્નરેટે રાતાનાડા સ્ટેશનમાં આસારામ સામે ફરિયાદ નોંધી હતી. આ મામલે છઠ્ઠ કોર્ટમાં સુનાવણી થઈ રહી હતી. આસારામે કોર્ટમાં અરજી કરતા કહ્યુ હતુ કે, તે રવિ રોય નામના વ્યક્તિને ક્યારેય મળ્યો નથી કે ફોન પર વાત કરી નથી. આસારામે રવિ રોયને સુપ્રીમકોર્ટમાં અરજી કરવા કોઈ અધિકારી આપ્યો ન હતો. જો કે, ADG કોર્ટમાં પણ આ મામલે આસારામને કોઈ રાહત મળી ન હતી. આસારામની તરફથી અધિવક્તા નીલકમલ બોહરા અને ગોકુલેશ બોહરાએ જામીન અરજી કરી હતી. રાજસ્થાનના હાઈકોર્ટમાં એક વિવિધ અપરાધિક જામીન પ્રાર્થના પત્ર CRPF 439 મુજબ જામીન મેળવવાની માંગણી કરવામાં આવી હતી. આ મામલે ત્રણ દિવસ પૂર્વે રાજસ્થાન હાઈકોર્ટ જસ્ટિસ કુલદીપ માથુરની કોર્ટમાં સુનાવણી ચાલી હતી. સોમવારે કોર્ટમાં આસારામ તરફથી દાખલ કરવામાં આવેલી અરજી અંગે ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે જામીન અરજી મંજૂર કરવામાં આવી હતી.

### કોમર્શિયલ સિલિન્ડરના દર આખા વર્ષ દરમિયાન વધતા અને ઘટતા રહ્યા

# LPG સિલિન્ડરના ભાવમાં ૧૭૧ રૂપિયાનો ઘટાડો થયો

### પહેલા ૧ માર્ચે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં એક જ ઝાટકે ૩૫૦ રૂપિયાથી વધુનો વધારો કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૧

મજૂર દિવસ એટલે કે ૧ મેના રોજ, એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો છે. આજે દિલ્હીથી કાનપુર, પટના, રાંચી, ચેન્નાઈ સુધી એલપીજી સિલિન્ડર ૧૭૧.૫૦ રૂપિયા સસ્તું થઈ ગયું છે. નવા દરો આજે જ અપડેટ કરવામાં આવ્યા છે. એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો માત્ર કોમર્શિયલ સિલિન્ડરમાં જ થયો છે. આજથી એક કોમર્શિયલ સિલિન્ડર દિલ્હીમાં ૧૮૫૬.૫૦ રૂપિયા, કોલકાતામાં ૧૯૬૦.૫૦ રૂપિયા, મુંબઈમાં ૧૮૦૮.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૦૨૧.૫૦ રૂપિયામાં મળશે. બીજી તરફ, આજે ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર થયો નથી. હમણાં જ, ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, કોમર્શિયલ સિલિન્ડરનો દર લગભગ ૯૨ રૂપિયા સસ્તો થયો હતો. જો કે તે પહેલા ૧ માર્ચે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં એક જ ઝાટકે ૩૫૦ રૂપિયાથી વધુનો વધારો કરવામાં આવ્યો હતો. કોમર્શિયલ સિલિન્ડરના દર આખા વર્ષ દરમિયાન વધતા અને ઘટતા રહ્યા છે. ૧ મે, ૨૦૨૨ના રોજ દિલ્હીમાં ૧૯ કિલોનું કોમર્શિયલ સિલિન્ડર ૨૩૫૫.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતું. આજે તેની કિંમત ઘટીને રૂ.૧૮૫૬.૫૦ થઈ ગઈ છે. એટલે કે છેલ્લા એક વર્ષમાં તેની કિંમતમાં માત્ર દિલ્હીમાં ૪૯૯ રૂપિયાની રાહત મળી છે. ૧ મે, ૨૦૨૩ના રોજ ઘરેલુ એલપીજી સિલિન્ડરના દરમાં ઘટાડા બાદ તેની કિંમતો દેશભરમાં લાગુ થઈ ગઈ છે. આ નવા કોમર્શિયલ ગેસના ભાવ સોમવાર, ૧ મેથી લાગુ થશે. આ વખતે ગેસ સિલિન્ડરની કિંમતમાં એક જ ઝાટકે ૧૭૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોલકાતામાં કોમર્શિયલ રાંધણ ગેસ સિલિન્ડર અને ઔદ્યોગિક ગેસ સિલિન્ડર ની વર્તમાન કિંમત ૨,૧૩૨ રૂપિયા હતી. આ બંને પ્રકારના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પરિણામે, કોલકાતામાં કોમર્શિયલ સેક્ટરમાં વપરાતા ૧૯ કિલોના એલપીજી અને આરએસપી ગેસ સિલિન્ડરની નવી કિંમત ઘટીને ૧,૯૬૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ નવી કિંમતો આજથી એટલે કે ૧ મેથી લાગુ થઈ ગઈ છે. જો કે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં થયેલા ઘટાડાથી મધ્યમ વર્ગ તેમજ ઉદ્યોગપતિઓ અને હોટેલીયર્સને થોડી રાહત મળી છે. કારણ કે ઘણા મધ્યમ વર્ગ હોટલના વ્યવસાય અને એલપીજી સંચાલિત કારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઈંધણ તેલના ભાવમાં સતત વધારા વચ્ચે કોમર્શિયલ ગેસના ભાવમાં ઘટાડો થતાં તેમને ઘણી રાહત મળી છે. આ સિવાય કોમર્શિયલ ગેસના ભાવમાં ઘટાડો થવાને કારણે એલપીજીથી ચાલતી કારના ભાડામાં વધારો થવાની કોઈ શક્યતા નથી. જે મુસાફરો માટે સુવિધાજનક છે. જો કે, ૧૪.૨ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ક્યારે ઘટશે તેના પર ઘરધારીઓની નજર છે.

### વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક અનુમાને ટેન્શન વધાર્યું

# પાંચ વર્ષમાં આઠ કરોડ લોકોની નોકરીઓ પર જોખમની શક્યતા

### ૧.૫ કરોડ લોકો એવા હશે જેમને કદાચ નોકરી જ નહીં મળે, એનો અર્થ એ થયો કે દુનિયામાં જેટલા લોકો નોકરી કરી રહ્યા છે તેમાંથી ૨ ટકા લોકોની રોજગારી છીનવાશે

નવી દિલ્હી, તા.૧

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દોરમાં નોકરીઓ પર સંકટ હાલના દિવસમાં ચર્ચામાં છે. ખાસ કરીને ચેટજીપીટી આવ્યા બાદથી આશંકાઓ વધી ગઈ છે. હવે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક અનુમાને ટેન્શન વધાર્યું છે. ફોરમના એક રિપોર્ટમાં જણાવાયું છે કે આગામી ૫ વર્ષમાં ૮ કરોડ લોકોની નોકરીઓનો અંત આવી શકે છે. તેમાંથી ૧.૫ કરોડ લોકો એવા હશે જેમને કદાચ ક્યારેય નોકરી જ નહીં મળે અને તેઓ બેરોજગાર જ રહેશે. એનો અર્થ એ થયો કે હાલ દુનિયામાં જેટલા લોકો નોકરી કરી રહ્યા છે તેમાંથી ૨ ટકા લોકોની રોજગારી છીનવાઈ શકે છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ફ્યૂચર ઓફ જોબ્સ રિપોર્ટ ૨૦૨૩માં આ માહિતી સામે આવી હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે આગામી ૫ વર્ષમાં ૬.૯ કરોડ નવી નોકરીઓનું સર્જન થશે પણ ૮.૩ કરોડ નોકરીઓનો અંત આવી જશે. આ રીતે કુલ એકઝાટકે કુલ દોઢ કરોડ લોકો સામે બેરોજગાર થવાનું સંકટ સર્જાયું છે. આ આંકડો બહુ મોટો છે. ટેક્નોલોજી એડવાન્સ થવા, ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગને કારણે આ સંકટ ઊભું થશે. આટલું જ નહીં અમુક એવી નોકરીઓ પણ હશે જે ભલે ખતમ નહીં થાય પણ કર્મચારીઓના વર્તમાન કામકાજનું માળખું બદલાઈ જશે અને નવી ટેક્નોલોજી સાથે તાલમેલ બેસાડવો પડશે. અમુક એવા કેટલાક ફેક્ટર પણ છે જેના લીધે નોકરીઓ પર માઠી અસર થવાની છે. તે છે મોંઘવારી, ધીમો આર્થિક વિકાસ, સપ્લાયમાં ઘટાડો વગેરે. રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે ડિજિટલાઈઝેશનમાં વધારો થઈ રહ્યો છે. એવામાં પરંપરાગત નોકરીઓ ખતરા હેઠળ છે. આ રિપોર્ટમાં અમુક સેક્ટર પણ ગણાવાયા છે જેમાં નોકરી કરી રહેલા લોકો ખતરા હેઠળ આવી શકે છે. તેમાંથી એક બેંકિંગ સેક્ટર પણ છે. બેંકો સંબંધિત કામકાજ ઓનલાઈન થવાને લીધે ફિઝિકલ બેંક બ્રાન્ચની જરૂરિયાત ઘટ રહી છે. તેના લીધે ક્લાર્ક, કેશિયર જેવી નોકરીઓ પર સંકટના વાદળ ઘેરાયા છે.

આટલું જ નહીં ઓટોમેશન, સેન્સર ટેક્નોલોજી, ઓનલાઈન ડિલીવરી જેવી સુવિધાઓને લીધે નવી નોકરીઓ પર સંકટ સર્જાયું છે. આગામી ૫ વર્ષમાં એક તૃતીયાંશ નોકરીઓ ખતમ થઈ શકે છે. સૌથી વધુ સંકટ ડેટા ક્લાર્કની જોબ પર છે. આ ઉપરાંત એકાઉન્ટિંગ, સેક્રેટરી જેવી નોકરીઓ પર મુસીબત ઊભી થશે. જોકે એવા અનેક વ્યવસાય હશે જેમાં ઝડપથી માગ વધશે એટલે કે જોબ માર્કેટમાં આ સિલ્વર લાઇન હશે. આ સેક્ટર્સમાં ક્લાઉડ કમ્પ્યૂટિંગ, એઆઈ ટેક્નોલોજી સંબંધિત નોકરીઓ સામેલ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રિકલ વ્હિકલ્સ માર્કેટમાં પણ નોકરીઓની બહાર આવશે.

### કોંગ્રેસ અધ્યક્ષ ખડગે બાદ હવે તેમના પુત્રનો બફાટ

# ઘરમાં નાલાયક પુત્ર હોય તો પણ ઘર સરળતાથી ચાલતું નથી : પ્રિયાંક ખડગે

### કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ ભાજપ સરકાર વિરુદ્ધ કથિત ભ્રષ્ટાચારને મોટો મુદ્દો બનાવી રહી છે

બેંગાલુરુ, તા.૧

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે બાદ હવે તેમના પુત્ર પ્રિયાંક ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે વાંધાજનક ટિપ્પણી કરી દીધી છે. પ્રિયાંક ખડગેએ પીએમ મોદી અંગે કહ્યું કે, જો આવો નાલાયક પુત્ર હશે તો દેશ કેવી રીતે ચાલશે. આ અગાઉ મલ્લિકાર્જુન ખડગેએ પણ પીએમ મોદી અંગે વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેના પર હજુ પણ હોબાળો ચાલી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર અને પૂર્વ મંત્રી પ્રિયાંક ખડગેએ કહ્યું કે, ‘જ્યારે પીએમ મોદી માલખેડા આવ્યા ત્યારે તેમણે બંજારા સમુદાયને શું કહ્યું ? મોદીએ કહ્યું કે, બંજારા સમાજનો પુત્ર દિલ્હીમાં છે, પરંતુ આવો પુત્ર હશે તો કેવી રીતે ચાલશે, દેશ ચલાવતા જ નથી. પ્રિયાંક ખડગેએ કહ્યું કે, ઘરમાં નાલાયક પુત્ર હોય તો પણ ઘર સરળતાથી ચાલતુ નથી.’

કર્ણાટકના મુખ્યમંત્રી બાસવરાજ બોમ્મઈએ કહ્યું કે, વડાપ્રધાને ક્યારેય રોયા નથી. તેમણે કહ્યું કે, આ કોંગ્રેસ છે, જે છેલ્લા ૯ વર્ષથી રોઈ રહી છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા પર ક્રાયપીએમ પેસીએમ નામથી એક કેમ્પેઈન ચાલી રહ્યું છે. આ કેમ્પેઈન કોંગ્રેસ દ્વારા ચલાવાઈ રહ્યું છે અને આ કેમ્પેઈનમાં પીએમ મોદી અને કર્ણાટકના મુખ્યમંત્રી બાસવરાજ બોમ્મઈ પર નિશાન સાધવામાં આવ્યું છે. જ્યારે આ કેમ્પેઈન અંગે બાસવરાજ બોમ્મઈને મીડિયાએ સવાલ કર્યા તો તેમણે કહ્યું કે, વડાપ્રધાન ક્યારેય રોયા નથી, આ કોંગ્રેસ છે, જે છેલ્લા ૯ વર્ષથી રોઈ રહી છે અને તે એટલું બધુ રોઈ છે કે, તેમની આંખોમાં હવે આંસુ પણ સુકાઈ ગયા છે અને લોકોને પણ તેમના પ્રત્યે સહાનુભૂતિ નથી.

ઉલ્લેખનિય છે કે, કર્ણાટકની ભાજપા સરકાર સામે ભ્રષ્ટાચારના આરોપ લગાવાઈ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ ભાજપ સરકાર વિરુદ્ધ કથિત ભ્રષ્ટાચારને મોટો મુદ્દો બનાવી રહી છે.

આ જ કારણે મુખ્યમંત્રી બોમ્મઈ પણ વિપક્ષના નિશાના પર છે. ગત દિવસોમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક જનસભામાં પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી.

આ મુદ્દે પીએમ મોદીએ શનિવારે બીદરની ચૂંટણી રેલીમાં કહ્યું કે, અત્યાર સુધીમાં કોંગ્રેસ તેમને ૯૧ વખત અપશબ્દો બોલી છે. પીએમ મોદીએ કહ્યું કે, જો કોંગ્રેસે અપશબ્દો બોલવા પાછળ સમય બગાડ્યા કરતા તેણે આટલી મહેનત ગુડ ગર્વનન્સમાં કરી હોત તો તેમની હાલત દયનીય ન હોત.

### ગૂગલ પરથી નંબર લેતા ચેતજો

# મહિલાએ બે રૂપિયા ટ્રાન્સફર કરીને ત્રણ લાખ ગુમાવ્યા

### મહિલાએ દીકરાનો પાસપોર્ટ આવ્યો ન હોવાથી ગૂગલ પરથી બ્લૂ ડાર્ટ કંપનીનો નંબર લઇને ફોન કર્યો હતો

અમદાવાદ, તા.૧

રાજ્યમાં લોકો સાથે થતી છેતરપિંડીના રોજ નવા કિસ્સાઓ સામે આવી રહ્યા. ત્યારે વધુ એક ઠગાઈનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરની બોપલમાં રહેતી સિનિયર સિટિઝન મહિલાએ પુત્રનો પાસપોર્ટ આવ્યો ન હોવાથી ગૂગલ પર બ્લૂ ડાર્ટનો નંબર સર્ચ કર્યો હતો. જે પછી ફોન ઉપાડનાર વ્યક્તિએ મહિલા સાથે મોટો ખેલ પાડ્યો હતો.

આ અંગે સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, મહિલાએ દીકરાનો પાસપોર્ટ આવ્યો ન હોવાથી ગૂગલ પરથી બ્લૂ ડાર્ટ કંપનીનો નંબર લઈને ફોન કર્યો હતો. ફોન ઉપાડનાર વ્યક્તિએ મહિલા પાસે એક લિંક ભરાવી બે રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. જે બાદ મહિલાના એકાઉન્ટમાંથી ૧૩ ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા હતા. આ ટ્રાન્ઝેક્શનમાં ૨.૯૭ લાખ ઉપાડી લીધા હતા. સાઉથ બોપલમાં રહેતા કાશ્મીરા દવેએ આ અંગેની ફરિયાદ નોંધાવી છે. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યુ છે કે, ૧૦ ફેબ્રુઆરીએ તેમના દીકરાનો પાસપોર્ટ બ્લૂ ડાર્ટમાંથી આવવાનો હતો. જે આવ્યો ન હોવાને કારણે કાશ્મીરાબેને ગૂગલ પરથી બ્લૂ ડાર્ટનો ટોલ ફ્રી નંબર મેળવી ફોન કર્યો હતો. ફોન ઉપાડનારે પોતે કંપનીનો કર્મચારી હોવાનું કહી વોટ્સએપ પર એક લિંક મોકલી હતી. જો લિંક ભરીને બે રૂપિયા ટ્રાન્સફર કરશો તો પોસપાર્ટનું લોકેશન મળી જશે એમ કહ્યુ હતુ. જેથી કાશ્મીરાબેને લિંક ખોલી રૂ. ૨ જમા કરાવ્યા હતા. જોકે થોડા સમય પછી તેમના એકાઉન્ટમાંથી અલગ અલગ ૧૩ ટ્રાન્ઝેક્શનથી ૨.૯૭ લાખ ઉપડી ગયા હતા. જેથી તેમણે ગૂગલ પરથી મેળવેલા નંબર પર ફોન કર્યો હતો, પરંતુ તે સ્વિચઓફ આવતો હતો. જે બાદ તેમની સાથે છેતરપિંડી થઈ છે તેમ જાણીને તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અમદાવાદમાં પણ ઠગાઈનો કિસ્સો સામે આવ્યો હતો. જેમા કેનેડા જવા ઓનલાઈન સસ્તી ટિકિટના નામે લાખોનું ફુલેકુ ફેરવી એજન્ટ ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ સેટેલાઈટ પોલીસમાં નોંધાઈ હતી. જોકે, એક બાજુ ભોગ બનનારએ પોલીસને જાણ કરી અને બીજી બાજુ એજન્ટ ગાયબ થઈ જતાં પોલીસની કામગીરી પર સવાલ ઉઠ્યા છે. ભોગ બનનાર લોકોએ આ મામલે અમદાવાદ પોલીસ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે.

### ભારતનો પાકિસ્તાનના આતંક પર વધુ એક પ્રહાર

# પાકિસ્તાનથી સંચાલિત ૧૪ મેસેન્જર એપ ઉપર પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૧

ભારતની કેન્દ્ર સરકારે પાકિસ્તાનથી સંચાલિત કરવામાં આવતી ૧૪ મેસેન્જર એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે. તેમાં બીચેટ(બીચેટ) પણ સામેલ છે.

કેન્દ્રીય આઈટી મંત્રાલયે ઈન્ટેલિજન્સ બ્યૂરોના મળેલા ઈનપુટના આધારે આ નિર્ણય કર્યો હતો. ભારત સરકાર આ મામલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આ એપ્સથી દેશની સુરક્ષાને મોટો ખતરો છે. તેને ધ્યાનમાં રાખીને જ આ નિર્ણય કરવામાં આવ્યો હતો.

અગાઉ ભારતે પાકિસ્તાનથી સંચાલિત થતા અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કાર્યવાહી કરતા પ્રતિબંધ મૂકી દીધો હતો.

### કોરોનાનો ખતરો ટળતો હોવાના સંકેત

# દેશમાં સપ્તાહમાં કોરોનાના કેસમાં ૨૭ ટકાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૧

વર્તમાન સમયમાં કોરોના વાયરસનો સંકટ ટળી ગયો હોય તેવું લાગે છે. ગત અઠવાડિયામાં સંક્રમણની ઘટતી સંખ્યાથી રાહતના સંકેતો મળી રહ્યા છે. છેલ્લા ૧૩ અઠવાડિયામાં પહેલીવાર ૭ દિવસ દરમિયાન કેસમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત ઉત્તર-પૂર્વના કેટલાક રાજ્યો સિવાય દેશના મોટાભાગના રાજ્યોમાં કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે.

કોરોના કેસોમાં ૨૩ એપ્રિલથી ૨૯ એપ્રિલની વચ્ચે ૨૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ દરમિયાન મૃત્યુ, સક્રિય કેસ અને પોઝીટીવિટી દરમાં પણ ઘટાડો થયો છે. ગયા અઠવાડિયે દેશમાં કોરોનાના ૫૩,૭૩૭ કેસ નોંધાયા હતા. જ્યારે તે અગાઉના અઠવાડિયામાં સમગ્ર દેશમાં ૭૩,૮૭૩ કેસ નોંધાયા હતા. છેલ્લા સાત દિવસમાં મૃત્યુઆંક ૧૬૦થી ઘટીને ૧૩૧ પર આવી ગયો છે. રાજધાની દિલ્હીમાં ૧૬થી ૨૨ એપ્રિલની વચ્ચે કોવિડના ૧૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા હતા. જ્યારે ગત અઠવાડિયે આ આંકડા ઘટીને ૫,૮૯૩ પર આવી ગયા હતા. કેરળમાં પણ ૧૬થી ૨૨ એપ્રિલની સરખામણીએ છેલ્લા અઠવાડિયે કેસમાં ૨૮ ટકાનો ઘટાડો થયો હતો. આ આંકડો હરિયાણામાં ૨૭ ટકા, મહારાષ્ટ્રમાં ૩૩ ટકા, ઉત્તર પ્રદેશમાં ૩૬ ટકા અને તમિલનાડુમાં ૨૦ ટકા હતો. પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં સંક્રમણમાં ઝડપી વધારો જોવા મળ્યો હતો. ૨૯ એપ્રિલ રાત્રે એક્ટિવ કેસ ઘટીને ૫૦,૦૦૦ની નીચે આવી ગયા હતા. આ સિવાય પોઝીટીવિટી દરમાં પણ ઘટાડો થયો હતો.

### કોંગ્રેસના નેતા જાહેરસભામાં ભાષણ કરી રહ્યા હતા

# રાહુલ ગાંધીએ અજાન શરૂ થતાં પોતાનું ભાષણ અટકાવી દીધું

બેંગાલુરુ, તા.૧

કર્ણાટકના તુમકુરામાં આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જનસભામાં ભાષણ કરી રહ્યા છે. આ દરમિયાન અજાન શરૂ થતાં જ રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ અધવચ્ચે રોકી દીધું હતું અને અન્ય લોકોને પણ શાંત રહેવા કહ્યું હતું.

વાસ્તવમાં રાહુલ ગાંધી જનસભામાં સંબોધન કરી રહ્યા હતા, ત્યારે અજાનનો અવાજ સંભળાતા તેમણે તુરંત પોતાનું ભાષણ રોકી દીધું હતું અને અન્ય લોકોને પણ શાંત રહેવાની અપીલ કરી હતી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, જ્યારે રાહુલ ગાંધી ભાષણ આપી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસ નેતા કે.સી.વેણુગોપાલ રાહુલ ગાંધીની પાસે પહોંચ્યા હતા અને તેમને અજાન અંગે જાણ કરી, ત્યારબાદ રાહુલ ગાંધીએ તુરંત તેમનું ભાષણ રોકી દીધું હતું.

જનસભા દરમિયાન રાહુલ ગાંધીએ લોકોને અપીલ કરતા કહ્યું કે, આ વખતે તમારે તમારી સરકાર બનાવવાની છે. ગત વખતે પણ તમે ભાજપની સરકાર બનાવી ન હતી, પરંતુ ભાજપે ધારાસભ્યો ખરીદીને અને લોકશાહીનો નાશ કરીને સરકાર બનાવી... રાહુલ ગાંધીએ કહ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં ભાજપે માત્ર ભ્રષ્ટાચાર કર્યો છે. કર્ણાટકના લોકો ભાજપ સરકારને ૪૦ ટકાની સરકાર પણ કહે છે, એટલે કે તે દરેક કામમાં જનતા પાસેથી ૪૦ ટકા કમિશન લે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, વડાપ્રધાન પણ આ બાબત જાણે છે, જોકે હું તેમને પૂછવા માંગુ છું કે, આ મામલે તેમણે કોઈ કાર્યવાહી કેમ ન કરી...

### પહેલીવાર વોટ્સએપ પર પણ જોઇ શકાશે

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે થશે જાહેર

### વેબસાઈટ www.gsb.org ઉપર પણ પરિણામ જાહેર થશે

ગાંધીનગર, તા.૧

વિદ્યાર્થીઓની આતુરતાનો હવે અંત આવશે. છેલ્લા ઘણા સમયથી જેની રાહ જોવાતી હતી તે ધોરણ ૧૨નું પરિણામ હવે આવતીકાલે મંગળવારે જાહેર થશે. ઉલ્લેખનીય છે કે, સૌપ્રથમ અત્યાર સુધીના એજ્યુકેશનલ ઈતિહાસમાં પ્રથમ વખત એવું બનશે કે whatsapp દ્વારા પરિણામ જાણી શકાશે. જી હા whatsapp ના આ નંબર દ્વારા આપ કેન્દ્ર ઉપર ગયા વગર જ ઘરે બેઠા પરિણામ જાણી શકશો.

માર્ચ ૨૦૨૩મા લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષાનુ પરિણામ હવે આવતીકાલે મંગળવારે સવારે ૯ કલાકે જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાશે.. આ સાથે શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gsb.org ઉપર પણ પરિણામ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ ઉપર વિદ્યાર્થી પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

Whatsapp પર પરિણામોનો આ પ્રયોગ જો સફળ રહેશે તો અન્ય જે પરીક્ષાઓ છે, જેના આગામી સમયમાં પરિણામો આવનારા બાકી છે. તેમાં પણ આ whatsapp પદ્ધતીનો ઉપયોગ કરાશે. એટલે કે જેઓ પરિણામ લેવા જવા માટે કેન્દ્ર પર જવા માટે સક્ષમ નથી અથવા તો ભીડભાડ વગર શાંતિથી પરિણામ લેવા કેન્દ્રપર જવા માંગે છે તેઓ પ્રાથમિક પરિણામ તો તાત્કાલિક તો whatsapp દ્વારા જાણી શકશે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામને લઈને નિર્ભારિત કરવામાં આવેલા કાર્યક્રમો અનુસાર બે મહિનાના પ્રથમ સપ્તાહે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે સમગ્ર રાજ્યમાં ૫૬ કેન્દ્ર પર ૧૦હજારથી વધુ શિક્ષકો ઉતરવહીની મૂલ્યાંકનની કામગીરી કરવામા આવી હતી. ગત વર્ષ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૦૦૦ શિક્ષકો આ કામગીરીમા જોડાયા હતા.

જયારે રાજયભરમાં ૬૨૬ સ્કૂલમાં ૧.૩૦ લાખ વિદ્યાર્થી ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) આપી હતી.
ડિગ્રી ઈજનેરી, ફાર્મસી, મેડિકલમાં પ્રવેશ માટે ગુજકેટમાં વિદ્યાર્થીને મળેલા ગુણને આધારે મેરિટ ક્રમ નક્કી કરવામાં આવે છે. આ તમામના પરિણામ આવતીકાલે જાહેર થઈ જશે..

### રાજ્યના ખેડૂતો પર હજુ ૫ દિવસ સંકટના વાદળ ઘેરાયેલા છે

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે

### અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણમાં વરસાદની આગાહી કરાઈ છે

ગાંધીનગર, તા.૧

રાજ્યના ખેડૂતો પર હજુ ૫ દિવસ સંકટના વાદળ ઘેરાયેલા છે. આગામી પાંચ દિવસ હજુ માવઠાની આગાહી કરવામાં આવી છે, એટલે કે ૪ અને ૫ એપ્રિલે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું છે કે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણમાં વરસાદની આગાહી કરાઈ છે.

હાલ વેસ્ટર્ન ડિસ્ટર્નબન્સ સક્રિય થતા ગુજરાતભરમાં કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. આ સિવાય સૌરાષ્ટ્રમાં જામનગર, દ્વારકા, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગરમાં વરસાદની આગાહી કરાઈ છે. દક્ષિણ ગુજરાતમાં ડાંગ, વલસાડ, ભરૂચમાં વરસાદની આગાહી કરાઈ છે. આગામી ત્રણ દિવસ બાદ ફરી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે.

આ સિવાય હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને એક આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી માવઠાની આગાહી કરી છે. રાજયમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૪થી ૫ મે સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે માવઠાની આગાહી કરવામાં આવી છે.

હાલ વેસ્ટર્ન ડિસ્ટર્નબન્સ સક્રિય થતા કમોસમી વરસાદ થશે, જ્યારે આગામી ત્રણ દિવસ બાદ ફરી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. દક્ષિણ ગુજરાતમાં ડાંગ, વલસાડ, ભરૂચમાં વરસાદની આગાહી કરાઈ છે. અમદાવાદ ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણમાં વરસાદ રહેશે. સૌરાષ્ટ્રમાં જામનગર દ્વારકા, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગરમાં કેટલીક જગ્યાએ વરસાદ રહી શકે છે.

ગુજરાતના હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું કે, હાલમાં પણ રાજ્યમાં ગ્લોબલ વોર્મિંગના ગંભીર પરિણામો આવવાની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં હાલ કેટલાક જિલ્લાઓમાં ગરમીનો પારો ઉંચે જતા યેલો અલર્ટ, તો કેટલાક જિલ્લાઓમાં માવઠાની આગાહી છે. ઉનાળાને બદલે વારંવાર માવઠું થતા ઉનાળુ પાક ઉપર ગંભીર અસર થઈ છે.

માર્ચ એપ્રિલની જેમ હજી પણ કમોસમી વરસાદ યથાવત રહેશે. ૨૬-૨૭ એપ્રિલથી ૨ મે સુધી ફરી માવઠું પડશે. જો કે માવઠા પાછળ એક માત્ર કારણ ગ્લોબલ વોર્મિંગ ન હોઈ શકે. ગ્લોબલ વોર્મિંગની સાથે ઘણા જાણ્યા અજાણ્યા બળો પણ કારણ હોઈ શકે છે. પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની શકયતા છે. મે મહિનામાં ભારે આંધી વંટોળ અને વરસાદ ગાજવીજ સાથે થવાની શક્યતા દેખાઈ રહી છે.

તો ૮ મે બાદ વાતાવરણમાં આંધી વંટોળનું પ્રમાણ વધશે. જેની અસર બાગાયતી પાકો પર વધુ થશે. ૮ મી જુનથી સાગરમાં પવનોની અદલાબદલી થવાની શક્યતા રહે છે. તેથી મે મહિનાની ૨૦ તારીખ પછી આંદામાન ટાપુ પર ભારે વરસાદની શક્યતા રહેશે.

કેરળ કાંઠે ૨૮ મેથી વરસાદની શક્યતા રહેશે. અને ૩ જુન થી ૮ જુન વચ્ચે કેરળમાં ચોમાસું બેસી જવાની હાલ વાતાવરણની સ્થિતિ જોવા મળી રહે છે. આમ, એટલે કે ફરી એકવાર ગુજરાતમાં માવઠું ખેડૂતોનો પાક બગાડશે. જોકે, આ વચ્ચે સારી બાબત એ છે કે, લોકોને કાળઝાળ ગરમીથી મુક્તિ મળશે. સતત વાદળછાયા વાતાવરણ અને માવઠાથી વાતાવરણ ઠંડુ રહેશે.

### છત્તિસગઢમાં ભાજપને મોટો આંચકો

# આદિવાસી નેતા ભાજપ છોડ્યાના એક દિવસ બાદ કોંગ્રેસમાં જોડાયા

### નંદ કુમાર સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર સીએમ ભૂપેશ બઘેલે ફેસબુક પોસ્ટ કરીને જાણકારી આપી

રાયપુર, તા.૧

છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટી છોડ્યાના એક દિવસ બાદ વરિષ્ઠ આદિવાસી નેતા નંદ કુમાર સાય આજે રાજયની સત્તાધારી પાર્ટી કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. તેઓ છત્તીસગઢના સીએમ અને કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયા છે.

સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર સીએમ ભૂપેશ બઘેલે ફેસબુક પોસ્ટ કરીને જાણકારી આપી છે. તેમણે લખ્યુ- જુડા હાથ સે હાથ, મિલા આપકા સાથ. રોસે કે સાથ જારી હૈ, આદિવાસી બિત કી બાત. સ્વાગત અને અભિનંદન ડો. નંદ કુમાર સાય જી. ઈ હાથ સે હાથ જોડો.. જારી હૈ. સાયના કોંગ્રેસમાં સામેલ થવા પર મધ્યપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથે કહ્યું કે, આ તો ટ્રેલર છે. જનતા દુઃખી છે, ભાજપના વરિષ્ઠ નેતા દુઃખી છે. કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં સાયએ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, પ્રદેશ અધ્યક્ષ મોહન મરકામની હાજરીમાં કોંગ્રેસની સદસ્યતા ગ્રહણ કરી હતી. આ અવસર પર સાયએ કોંગ્રેસ સભ્યપદનું ફોર્મ ભર્યું અને મુખ્યમંત્રીએ તેમને સૂતરની માળા પણ પહેરાવી હતી. આ અવસર પર કોંગ્રેસના તમામ મોટા નેતાઓ હાજર રહ્યા હતા.

સાઈએ રવિવારે રાજ્ય બીજેપીના પ્રદેશ અધ્યક્ષ અરુણ સાવના નામે પોતાનું રાજીનામું મોકલ્યું હતું જેમાં દાવો કર્યો હતો કે તેમના સહયોગીઓ તેમની વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે અને તેમની છબી ખરાબ કરવા માટે ખોટા આરોપો લગાવી રહ્યા છે. સાયએ કહ્યું હતું કે તે આનાથી દુઃખી છે.

છત્તીસગઢના ઉત્તારીય વિસ્તારમાંથી આવતા સાય ઘણા વર્ષોથી ભાજપના મુખ્ય આદિવાસી ચહેરો રહ્યા હતા. તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૭૭માં મધ્ય પ્રદેશની ટપકારા વિધાનસભા બેઠક (હવે જશપુર જિલ્લામાં) થી જનતા પાર્ટીની ટિકિટ પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

## પદાધિકારીઓ અને અધિકારીઓને સાચી વાત કહેવાની હિંમત દાખવવી પડશે

# શાસકોનું સન્માન કરવા સાથે સમસ્યા અંગે સવાલ પણ કરવા જરૂરી

**દરેક પ્રશ્નો અંગે માત્ર મીડિયામાં રજુઆત કરવાની સાથે શાસકોનું પણ ધ્યાન દોરવું જરૂરી**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં કોઇ પદાધિકારી કે અધિકારીથી જનતાને ડરવાની જરૂર નથી**

**સાચી વાત કહેવામાં શરમ અનુભવશે તો સમસ્યાઓ ક્રમશઃ વધતી જશે અને પછી કોઇ રીતે નિરાકરણ થશે નહીં**

**જિલ્લાનાં વેપારીઓ, ખેડૂતો, યુવાનો, મહિલાઓએ બેખૌફ રીતે શાસકોને સમસ્યાઓથી વાકેફ કરવા જોઇએ**

અમરેલી, તા. ૧

ભારત દેશ એ વિશ્વની સૌથી મોટી લોકશાહી શાસન વ્યવસ્થા ધરાવતો દેશ છે. દેશમાં લોકો જ સર્વોપરી છે. જનતા જ ગમે તેને સત્તા સ્થાને બેસાડી અને ઉઠાડી શકે છે અને દેશની જનતા વધુ જાગૃત એટલી દેશની લોકશાહી મજબુત બનશે અને દેશનો સર્વાંગી વિકાસ થશે.


સામાન્ય રીતે આમ આદમી પદાધિકારીઓ કે અધિકારી યોગ્ય કાર્ય કરે તો તેનું સન્માન કરે અને શુભેચ્છા પાઠવીને તેમને પ્રોત્સાહન આપે તે જરૂરી છે. પરંતુ, જયારે પદાધિકારી કે અધિકારી તેની ફરજ ચુકે ત્યારે, તેમને સવાલ પૂછવાની હિંમત પણ જનતાએ દાખવવી જોઈએ. જેવી રીતે મીડિયા સમક્ષ રજુઆત થાય છે. તેવી જ રીતે શાસકોને પણ રોજબરોજની સમસ્યા, પંથકના વિકાસ સહિતની બાબતોથી વાકેફ કરીને તેનું નિરાકરણ કરવાનો પ્રયાસ સામુહિકરૂપે થાય તો જ સમસ્યાનું નિરાકરણ આવશે.

અમરેલી જિલ્લો આજે આર્થિક રીતે દિનપ્રતિદિન પછાતપણાથી વધુને વધુ ઘેરાઈ રહયો છે. જિલ્લામાં બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવેની ઉણપ જોવા મળી રહી છે.

રોજગારીનો પ્રશ્ન વિકારળ બની ગયો છે. શિક્ષણ અને આરોગ્યનું ખાનગીકરણ પણ પરેશાન કરી રહયું છે.

જિલ્લામાંથી દર વર્ષે હજારો પરિવાર મહાનગરો તરફ વિવિધ કારણોસર સ્થળાંતર કરવા મજબુર બની રહયા હોય આવી વિકરાળ સમસ્યાઓ હોવા છતાં પણ શાસકોની નિંભરતા સામે વિવિધ સંગઠનોએ શાસકોનો કાન પણ આમળવો પડશે, નહિં તો અમરેલી જિલ્લાનો સર્વાંગી વિકાસ મુશ્કેલ બની જશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## કૃષિના રસ્તે સંગીતના દ્વારે



એ એના સ્ટુડિયોમાં હોય ત્યારે તેની નસે નસમાં સંગીતની ચોળો અને આ માણસ એટલે કે નિર્મલ ભગત જયારે ખેતરની માટીની મહેંક તેના શ્વાસમાં ભરતો હોય ત્યારે પૂછો તો કૃષિકાર વ્યકિત એક પણ તેનો માયલો પૂર બહારમાં હોય ત્યારે રસોઈ બનાવી પણ જાણે !

આ વાત છે વડોદરામાં રહેતા નિર્મલ ભગતની એ અચ્છા શાસ્ત્રીય સંગીતકાર છે. સ્વયંમનાં સ્ટુડિયોમાં બેચી વિવિધ ધૂનો તૈયાર કરે છે.તેઓ કહે છે કે સંગીતની ખૂબ મોટી અસર પ્રકૃતિ – માણસ – વનસ્પતિ – પાણી તમામ પર પડે છે. નિર્મલ ભગત તેમની સ્વરબધ્ધ કરેલ 'ચલ મન શબ્દને વેપાર' ઝવેરચંદ મેઘાણી લિખીત રચનાને સંગીતથી મેઢી છે. 'અમો રે વેવારિયા રે' નરસિંહ મહેતાની રચના પણ તેઓએ સ્વરબધ્ધ કરી છે. આમ શાસ્ત્રીય સંગીત તેમનો શોખનો વિષય છે. એટલે વહેલી સવારથી જ રોજ રિયાજની સાથે 'નવી ધૂન' તૈયાર કરવામાં તેઓ મશગૂલ રહે છે. ખેતીની વાત :– ખેતીની વાત કરતા તેઓ કહે છે કે મારી પાસે ૨૪ વિઘા જમીન છે. તેમાં તેઓ વિવિધ પાકોની સાથે તરબૂચ, ટેટી જેવા પાકોનું વાવેતર કરી સારી આવક મેળવે છે.

મને ભાવતી રસોઈ બનાવવાનો શોખ પત્નિનાં સહયોગથી વિવિધ પ્રકારની સેંકડો રસોઈ બનાવવી અને શિખીએ છીએ. કોઈ વાર સ્કૂલે જઈ તમામ વિદ્યાર્થીઓને 'નવી રેસીપી' ખવડાવવીને આનંદ કરીએ છીએ. મારે એક પુત્ર છે તે તેની પત્ની સાથે અમેરિકા સ્થાયી થયો છે. મને અને મારી પત્નીને ઘોંઘાટીયા વાતાવરણમાં રહેવાને બદલે ખેતરમાં રહેવું વધુ પસંદ છે. એટલે સંગીતના સથવારે ખેતરની ખુલ્લી હવા સાથે જીવન જીવીએ છીએ. નિર્મલ ભગતની સંગીતયાત્રા વિશે વાત કરીએ તો ઝવેરચંદ મેઘાણીનાં ૧૬ ગીતોનું આલ્બમ તેઓએ તૈયાર કર્યુ છે. ઈ.સ. ૨૦૧૨માં તેઓએ ખેતીમાં પ્રાકૃતિક ખેતીના પ્રયોગો કર્યા હતા. અને તરબુચ, ટેટી ૧ વિઘે ૧ લાખનું ઉત્પાદન લીધું હતું. ૮ વિઘામાથી ૮ લાખનું વળતર મેળવ્યું હતું. ડિપ્લો ઈલેકટ્રીક એન્જીનિયર એવા નિર્મલ ભગત આજે ૫૯ વર્ષના છે. તેમની કારકીર્દીની શરૂઆત એસએમ્બલ ટીવી બનાવવાથી શરૂ કરી હતી. વડોદરામાં ૧૯૯૬માં સ્ટુડિયોનાં શ્રીગણેશ કર્યા બાદ આજે પણ સંગીતનાં સથવારે સવાર પાડે છે. ' પોરસ સિસ્ટમ દ્વારા તેઓ પાકને પાણી આપે છે. 'પાણી બચાવો' પાણી આપણને બચાવશે.

**"કૃષિકારથી સંગીતકાર સુધીની સફર." –હરેશ બોરસાણિયા મતીરાળા.**

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત

**સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)**

- ૧૦૦ એકરમાં પથરાયેલા શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચરથી સુસજ્જ કેમ્પમાં બહેનો અને ભાઈઓ માટે અલગ અલગ હોસ્ટેલ
- સૌથી ઓછી ફી માં શ્રેષ્ઠ સ્માર્ટ શિક્ષણના સિધ્ધાંતને સાર્થક કરતું સંકુલ...

**સ્કૂલ કાર્યક્ષેત્ર**

બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ
ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ
સ્કૂલ–ગર્લ્સ અને બોયઝ

**હોસ્ટેલ કાર્યક્ષેત્ર**

ધોરણ–૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ

અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨ ૨૫૦૩૫
vidyasabhasankul@gmail.com
J-012

## સાવરકુંડલામાં આંગણવાડી કેન્દ્ર નં.૩૭ ખાતે મમતા દિવસ ની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા ખાતે ભરવાડ શેરી–૧, અને ભરવાડ શેરી–૨માં આવેલી આંગણવાડી કોડ નંબર ૩૭ માં મમતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અહીં નાના ભૂલકાંઓને સરકાર તરફથી મળતા તમામ પ્રકારના લાભ મળે તે માટે ભરવાડ શેરી નં ૧નાં આંગણવાડી વર્કર કાશ્મીરાબેન મલેક અને ભરવાડ શેરી નં ૨ નાં વર્કર કમળાબેન સતત પ્રયત્નશીલ રહેતાં હોય આજે આંગણવાડી ખાતે યોજાયેલા રસીકરણનો લાભ પઠાણ ફળી તેમજ ભરવાડ શેરીના અને આજુ બાજુ વિસ્તારના ઘણા ભૂલકાંએ લાભ લીધો હતો. અહીં હેલ્થ વર્કર હિનાબેન દ્વારા ભૂલકાંઓને રસી આપવામા આવી હતી.

## રાજુલા : ઝાંપોદર ખાતે ખોડિયાર માતાજીનાં મંદિરે નવરંગો માંડવો યોજાયો

રાજુલા, તા. ૧

રાજુલા તાલુકાના જુના ઝાપોદર ગામે ફલકુવાળા ખોડીયાર માતાજી ના મંદિરે માતાજીનો નવરંગો માડવો યોજાયો હતો. રાવળ દેવ જયસુખભાઈ સૌ શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા એવી જમાવટ કરી હતી. આ માંડવાનુ આયોજન ઝાપોદર ગામ સમસ્ત તેમજ ખોડીયાર સેવક સમુદાય દ્વારા કરવામાં આવ્યું હતું. માતાજીના માંડવામાં રાજકીય આગેવાનો સરપંચો તેમજ ખોડીયાર માતાજીના શ્રધ્ધાળુ ભાવિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અમારા આમંત્રણને માન આપીને પધારેલ સૌનો હૃદયથી આભાર લી. મનુભાઈ જે. ધાખડા રાજુલા તાલુકા સરપંચ એસોસિયેશન પ્રમુખ ઝાપોદર સરપંચ.



## સા.કુંડલા : બ્રહ્મપુરી ખાતે આજે સમસ્ત યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં તારીખ ૨–૫–૨૦૨૩ના રોજ અહીં બ્રહ્મપુરી ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ પ્રેરિત શ્રી પરશુરામ સેના આયોજિત સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તથા બ્રહ્મચોર્યાસીનું ભવ્ય આયોજન પ. પૂ. મહંત શ્રી મુકાનંદ બાપુ (ચાંપરડા) સભાપતિ શ્રી અગ્નિ અખાડાના અપ્રયક્ષ સ્થાને કરવામાં આવેલ છે.

આ સમારોહના દીપ પ્રાગટય મહંત શ્રી મહેશદાસ બાપુ – મહંત શ્રી બોઘરયાણી ખોડિયાર મંદિર સાવરકુંડલા, મુકેશભાઈ બી. ત્રિવેદી – પ્રમુખ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, અમિતભાઈ પંડયા – પ્રમુખ પરશુરામ સેના સાવરકુંડલાની ઉપસ્થિતિમાં તેમજ વિવિધ શહેરોના બ્રહ્મસમાજના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર છે. યજ્ઞોપવિત સંસ્કારના માંગલિક પ્રસંગો સવારે ૭ કલાકે હેમાદ્રી શ્રવણ, ૮ કલાકે ગ્રહશાંતિ, સવારે ૯ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર, સવારે ૧૦–૧૫ કલાકે કાશીયાત્રા, ૧૧ કલાકે આશીર્વચન વિધી અને બપોરે ૧૨–૩૦ કલાકે બ્રહ્મચોર્યાસી ભોજન. આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા માટે પરશુરામસેનાની ટીમ રાતદિવસ મહેનત કરી રહી છે. આ સમૂહ યજ્ઞોપવિત સંસ્કારમાં કુલ અગિયાર બ્રહ્મકુમારો આ યજ્ઞોપવિત સંસ્કારનો લાભ લેશે. સમૂહ યજ્ઞોપવિતના મુખ્ય દાતા હરેશ કુમાર નાનાલાલ જોષી (ઓડિટર) સમેત અન્ય સહભાગી દાતાઓ આ સમૂહ યજ્ઞોપવિત સંસ્કારમાં આર્થિક યોગદાન આપી ધન્યતા અનુભવશે.

### ૨૦૨૦થી અત્યાર સુધીના કેસો રિઓપન કરાયા

## ગુજરાતમાં સરકારી અનાજ કૌભાંડ રોકવા SIT એક્શનમાં

**ગરીબોના હકનો કોળિયો ઝૂંટનારા કૌભાંડીઓ પર સરકારે તવાઇ બોલાવી છે**

અમદાવાદ, તા.૧

ગરીબોના હકનો કોળિયો ઝૂંટનારા કૌભાંડીઓ પર સરકારે તવાઇ બોલાવી છે. સરકારી અનાજના વિતરણમાં કૌભાંડ રોકવા SIT હરકતમાં આવી છે અને ૧ લાખ નકલી રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધી થયેલા કેસોને રિઓપન કરાયા છે.

SIT હરકતમાં આવી છે અને કાર્યવાહીનો ધમધમાટ ચલાવી રહી છે. સરકારી અનાજ સગેવગે કરવાના થયેલા ૮૩ કેસ રિ-ઓપન કરાયા છે. તમામ જિલ્લાના SP અને કલેકટરન SIT એ ગુનાની તપાસ કરવા માટે SoP મોકલી છે તેમજ સરકારી અનાજમાં થતી ચોરી રોકવા SIT રેડ પણ કરશે. જે વિસ્તારમાં SIT રેડ કરશે તે વિસ્તારના જવાબદાર અધિકારી સામે પણ કાર્યવાહી કરાશે. અત્રે તમને જણાવીએ કે, સરકારી અનાજની ચોરી કરનાર સામે PBM હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રિવેંશન ઓફ બ્લેક માર્કેટિંગ અંતર્ગત પાસા જેવી કાર્યવાહી થઈ શકે છે તેમજ સરકારી અધિકારીઓની સંડોવણી હશે તો તેની સામે પણ કડક કાર્યવાહી કરાશે તેવી પણ વિગતો છે. એસઆઈટી હરકતમાં આવતા કૌભાંડીઓ અધિકારીઓમાં પણ ડરનો માહોલ છવાયો છે. તમને જણાવી દઈએ કે, અત્યાર સુધી કૌભાંડ મામલે કાર્યવાહીના ફક્ત આદેશ કરાતા હતાં પરંતુ અત્યારે કડક કાર્યવાહી કરાશે જેથી ગરીબોના હકનો અનાજ તેમને મળશે.

### એપ્રિલ-૨૩માં જીએસટી કલેક્શના આંકડાઓનો ઈતિહાસ

## એપ્રિલમાં ૧.૮૭ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ જીએસટી કલેક્શન

નવી દિલ્હી, તા.૧

એપ્રિલ-૨૦૨૩માં જીએસટી કલેક્શના આંકડાઓએ ઈતિહાસ રચી દીધો છે. એપ્રિલમાં ૧.૮૭ લાખ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન નોંધાયું છે, જે અત્યાર સુધીનો ઐતિહાસિક રેકોર્ડ છે. માર્ચ ૨૦૨૩માં ૧,૬૦,૧૨૨ કરોડ રૂપિયા જીએસટી કલેક્શન નોંધાયું હતું. ગત વર્ષે એપ્રિલ ૨૦૨૨માં ૧,૬૭,૫૪૦ કરોડ રૂપિયા જીએસટી કલેક્શન નોંધાયું હતું. એટલે કે એપ્રિલ-૨૦૨૨ના મુકાબલે એપ્રિલ-૨૦૨૩માં ૧૯,૪૯૫ કરોડ રૂપિયા વધુ જીએસટી કલેક્શન કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેકોર્ડ જીએસટી કલેક્શન પર ટ્વીટ કરી જણાવ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થા માટે આ બહુ મોટા સમાચાર છે. ઓછો ટેક્સ રેટ હોવા છતાં ટેક્સ કલેક્શન દર્શાવે છે કે, જીએસટી ઈન્ટીગ્રેશન અને અમલમાં કેવી રીતે સફળ રહ્યું છે.

# અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશ સોઢાને આશ્વાસન પાઠવતા રૂપાલા–સંઘાણી







અમરેલી શહેર ભાજપ ભાવેશ સોઢાની દીકરીનું ટૂંકી બીમારી બાદ તાજેતરમાં નિધન થતાં સમગ્ર ભાજપ પરિવારનાં શોકનો માહોલ છવાયો હતો. અને શહેર ભાજપ પ્રમુખને તેમનાં પર આવેલ અણધારી આફતમાં હિંમત, હુંફ અને આશ્વાસન કેન્દ્રીયમંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ આપી હતી.

## જિલ્લા ભાજપનાં કદાવર આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લામાં હજારો સ્થળોએ ''મન કી બાત''નું શ્રવણ થયું

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૧૪માં શરૂ થયેલ મહિનાનાં છેલ્લા રવિવારે ''મન કી બાત'' કાર્યક્રમનાં ૧૦૦ એપિસોડ પૂર્ણ થયા**

**દેશની વિવિધ ભાતીગળ કહાની, અલગ-અલગ સમસ્યાઓ અને તેનાં નિરાકરણઅર્થે તેઓ દર મહિને ''મન કી બાત'' કરી રહ્યા છે**

**પ્રધાનમંત્રીની ''મન કી બાત'' એ દેશવાસીઓ માટે પ્રેરણારૂપ સાબિત થઈ રહી છે**

**''મન કી બાત'' કાર્યક્રમને લઈને અનેક આમ આદમીનાં સંઘર્ષની કહાની દેશવાસીઓ સમક્ષ પહોંચી છે**



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ''મન કી બાત'' કાર્યક્રમનાં ૧૦૦માં એપિસોડનું વ્યાપક પ્રમાણમાં શ્રવણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી રૂપાલાલ, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ કાછડીયા સહિતનાં જિલ્લા ભાજપનાં આગેવાનોએ અલગ–અલગ સ્થળોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમનું શ્રવણ કર્યુ હતું.

પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૪માં મહિનાનાં છેલ્લા રવિવારે ''મન કી બાત'' ઓડિયો કાર્યક્રમનો પ્રારંભ કરેલ છે. જેનાં ૧૦૦ એપિસોડ પૂર્ણ થયા છે. ''મન કી બાત''માં દેશની વિવિધ ઓળખ, વિવિધ સમસ્યા અને આમ આદમીનાં સંઘર્ષની કહાનીનું વર્ણન પ્રધાનમંત્રી કરતાં રહ્યા છે જેનાથી દેશવાસીઓને મહત્વની પ્રેરણા મળી રહી છે.

### વહીવટી તંત્ર રખડુ શ્વાન કે અન્ય પશુઓની સમસ્યા દૂર કરી શકતું નથી

# બગસરા પંથક બાદ વડિયા પંથકમાં રખડુ શ્વાને હાહાકાર મચાવ્યો : અનેક બચકા ભરી લીધા

## કૃષ્ણપરા વિસ્તારમાં હડકાયા બનેલ શ્વાને પાંચને બચકા ભર્યા

અમરેલી, તા. ૧

થોડા દિવસો પહેલા બગસરાનાં ગ્રામ્ય વિસ્તારમાં રખડુ શ્વાને હાહાકાર મચાવ્યા બાદ ગઈકાલે વડિયાનાં કૃષ્ણપરા વિસ્તારમાં હડકાયા બનેલ રખડુ શ્વાને પાંચ વ્યકિતઓને બચકા ભરતા ગામજનોમાં ફફડાટ ફેલાયો છે.

વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં એક હડકાયા કુતરાએ આતંક મચાવ્યો હતો. જોત જોતામાં પાંચ વ્યકિતઓને બચકા ભરી લેતા તમામને વડિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં એક હડકાયા શ્વાનને રીતસરનો આતંક મચાવ્યો હતો. વ્હેલી સવારનાં લોકો પોત પોતાના કામધંધા પર જઈ રહ્યાં હતા ત્યારે અચાનક જ શ્વાન હડકાયો થતાં લોકોને બચકા ભરી લોહી લુહાણ હાલતમાં કરી મુકયા હતા અને વડિયા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ઈસ્માઈલ અબાભાઈ સોઢા, પુનબેન અજયભાઈ મકવાણા, વિક્રમ મંગાભાઈ સિરોડીયા આ સહિત પાંચ વ્યકિતઓને બચકા ભર્યા હતા.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
મૌન અને હસી એ બે તાકાતવાન હથિયાર છે, હસી તકલીફ દુર કરે છે, જ્યારે મૌન તકલીફ આવતી અટકાવે છે.
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફૂલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG BEST SHOP
INTRODUCING THE NEW RANGE OF LG SIDE-BY-SIDE REFRIGERATORS
STUNNINGLY STYLISH





LG InstaView Door-in-Door
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

■ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
■ દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
■ મેટલ અને સીરામીક ફિકસ દાંત
■ પેઢાની સફાઈ તથા સર્જરી
■ ચોગઠા બનાવવા
■ ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
■ વાકાચુકા દાંતની સારવાર
ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

મફત - મફત - મફત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ)
દ્વારા (ફ્રી) ૧૫ દિવસ માટે
આયુર્વેદિક મેગા કેમ્પનું આયોજન


| | | |
|---|---|---|
| નિદાન :- | રૂા. 0.00 | (ફ્રી) |
| દવા :- | રૂા. 0.00 | (ફ્રી) |
| સારવાર :- | રૂા. 0.00 | (ફ્રી) |
| દાખલ ફી :- | રૂા. 0.00 | (ફ્રી) |


કેરલથી આવેલ સ્પેશીયલ
ડૉ. થુલીયા એમ. (એમ.ડી.આયુ.)
જે નીચે મુજબની સેવાઓ આપશે
પંચકર્મ : નસ્ય, શિરોધારા, વમન, વિરેચન માલિસ, શેક તદ્દન મફત, ડાયાબીટીસ, સાંધાનાં દુખાવા, કમરનાં દુખાવા, હાઈપર એસીડીટી, ડીપ્રેશન, માનસીક તણાવ, વજન ઘટાડવાની સારવાર તદ્દન મફત
તથા તમામ રોગોની સારવાર તદ્દન મફત
નોંધ : તમામ આયુર્વેદિક પંચકર્મ સારવાર તદ્દન વિનામુલ્યે સારવાર કરી આપવામાં આવશે
કેમ્પની તારીખ : ૨૮-૦૪-૨૦૨૩ થી તા. ૧૦-૦૫-૨૦૨૩ સુધી
સમય : સવારનાં ૯ થી ૧/બપોરે ૫ થી ૮ સુધી
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદિક હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૫ - મો. ૯૨૬૫૪ ૬૭૩૯૦

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.






નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.





શું આપના ધ્યાનમાં કોઈ એવું બાળક છે જે
જન્મથી બેરુ અને મૂંગું હોય
જો હા તો તેમને બોલતા સાંભળતા કરી શકાય છે.


- 6 વર્ષ થી નાની ઉંમર ના બાળકો હોવા જોઈએ.
- આવા બાળકોના મા બાપ પાસે ગુજરાત નું રેશન કાર્ડ હોવું જરૂરી છે.
- આવા બાળકો પાસે સ્કૂલ હેલ્થ કાર્ડ હોઈ તો વધુ સારુ.
- આવા બાળકો મંદ બુદ્ધિ ના ન હોવા જોઈએ, સાંભળતા હોઈ પણ બોલતા ન હોઈ તે માટે નથી.
- આવા બાળકોનો જન્મ તારીખનો દાખલો નીચે આપેલ નંબર પર વોટ્સએપ કરવો.
- ગુજરાત સરકારના સહકારથી આવા બાળકોનું કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરીથી સાંભળતા કરી શકાય છે.

એક ઓપરેશન નો ખર્ચ અંદાજે 10 લાખ જેવો થાય છે આ ફ્રી મા થઈ શકે છે.
લાયન્સ કલબ ઈન્ટરનેશનલ આવા બાળકો ને શોધી અને હોસ્પિટલ સુધી નું માર્ગદર્શન આપે છે
સંપર્ક - પ્રોજેક્ટ ચાયઃ
Sheetal ICE CREAM
LIONS CLUB OF AMRELI MAIN
ચંદ્રકાન્તભાઈ દફતરી (લાયન્સ કલબ મોરબી નઝરબાગ) મો - 98252 23199
DJBS FOUNDATION
શીતલ કૂલ પ્રોડક્ટ્સ લીમીટેડ
પ્લોટ નં. 75 થી 81, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી. સંપર્ક : 99046 51119


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)